dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 296 | AD - 2026, Ashadh Vad -03 | Saturday, Dt. 01-08-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

ગુજરાત પર ચોમાસુ આક્રમક બનતાં સુરત, અમદાવાદ, વડોદરા, ભરૂચ, તાપી, ડાંગ અને નર્મદા સહિતના જિલ્લાઓમાં રેડ અને ઓરેન્જ એલર્ટ જાહેર

# દેશના ૨૦થી વધુ રાજ્યોમાં ભારે વરસાદનું એલર્ટ

નવી દિલ્હી,તા.૩૧

દેશભરમાં ચોમાસાની પ્રક્રિયા વધુ તીવ્ર બની છે અને આગામી ૧ ઓગસ્ટથી ૫ ઓગસ્ટ દરમિયાન સામાન્ય જનજીવન પર તેની વ્યાપક અસર જોવા મળી શકે છે. ભારતીય હવામાન વિભાગ દ્વારા દિલ્હી-એનસીઆર સહિત દેશના ૨૦થી વધુ રાજ્યોમાં ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. પાટનગર દિલ્હીમાં શુક્રવારે મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૨૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ખરાબ હવામાનને કારણે ગુજરાતના અનેક જિલ્લાઓમાં શાળાઓ બંધ રાખવાની ફરજ પડી છે, તો બીજી તરફ આસામ અને ઓડિશામાં પૂરની સ્થિતિએ વિનાશક સ્વરૂપ ધારણ કર્યું છે.ગુજરાત પર ચોમાસુ આક્રમક બનતાં સુરત, અમદાવાદ, વડોદરા, ભરૂચ, તાપી, ડાંગ અને નર્મદા સહિતના જિલ્લાઓમાં રેડ અને ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે તમામ જિલ્લા કલેક્ટરો અને ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમોને એલર્ટ પર રાખ્યા છે. સરકારી અધિકારીઓની રજાઓ રદ કરી દેવાઈ છે અને એનડીઆરએફ તેમજ એસડીઆરએફની ટીમોને કોઈપણ ઈમરજન્સી માટે તૈનાત કરવામાં આવી છે. શુક્રવારે સુરક્ષાના ભાગરૂપે રાજ્યના અનેક વિસ્તારોમાં શાળાઓ



બંધ રાખવામાં આવી હતી.પૂર્વ અને ઉત્તર-પૂર્વ ભારતમાં પૂરની પરિસ્થિતિ અત્યંત ગંભીર બની છે. ઓડિશાના બાલાસોર, ભદ્રક, જાજપુર અને મયુરભંજ જિલ્લામાં અવિરત વરસાદથી પૂરની સ્થિતિ વિકટ બની છે. અત્યાર સુધીમાં ૧ લાખ ૬૫ હજારથી વધુ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા છે, જ્યારે ૬ લાખથી વધુ લોકો આ કુદરતી આપદાથી પ્રભાવિત થયા છે. મહાનદીના જળસ્તરમાં સતત વધારો થઈ રહ્યો હોવાથી હીરાકુડ ડેમની સ્થિતિ પર સતત નજર રખાઈ રહી છે. બીજી તરફ આસામમાં પૂરે ૭૮ લોકોનો ભોગ લીધો છે અને ૩ લાખથી વધુ લોકો બેઘર બન્યા છે, જેઓ હાલ રાહત શિબિરોમાં આશ્રય લઈ રહ્યા છે.

ઉત્તર અને મધ્ય ભારતના રાજ્યો જેવા કે હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, જમ્મુ-કાશ્મીર, પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશમાં પણ ૫ ઓગસ્ટ સુધી વાવાઝોડા અને ભૂસ્ખલનની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. પહાડી વિસ્તારોમાં પ્રવાસીઓને ખાસ સાવચેતી રાખવાની સલાહ અપાઈ છે. આ ઉપરાંત મધ્યપ્રદેશ, વિદર્ભ, છત્તીસગઢ, બિહાર, ઝારખંડ અને પશ્ચિમ બંગાળમાં ૪૦થી ૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની અને વીજળીના કડાકા સાથે વરસાદની શક્યતા છે.

દક્ષિણ અને પશ્ચિમ ભારતના દરિયાકાંઠાના વિસ્તારોમાં પણ ભારે પવન સાથે વરસાદની આશંકા છે. કેરળ, કર્ણાટક, તમિલનાડુ, તેલંગાણા, મહારાષ્ટ્ર અને ગોવામાં દરિયામાં ભારે મોજા ઉછળવાની શક્યતા હોવાથી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. હવામાન વિભાગે લોકોને પાણી ભરાયેલા વિસ્તારોથી દૂર રહેવા અને ખુલ્લા મેદાનોમાં ન જવાની અપીલ કરી છે.

# પીએમ મોદીની અપમાનજનક સામગ્રી ફેલાવવા બદલ મેટા ઈન્ડિયાના વડા સામે હૈદરાબાદમાં કેસ દાખલ

હૈદરાબાદ,તા.૩૧

હૈદરાબાદ સાયબર ક્રાઈમ પોલીસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મોર્ફ કરેલી, વાંધાજનક અને અપમાનજનક સામગ્રી ફેલાવા દેવા બદલ મેટા ઈન્ડિયાના વડા અને કેટલાક એકાઉન્ટ હોલ્ડર્સ સામે બે અલગ-અલગ કેસ દાખલ કર્યા છે.



પ્રથમ કેસમાં ૨૯ વર્ષીય ઉદ્યોગપતિ એસ. અરવિંદ રેડ્ડીએ ફરિયાદ કરી હતી કે ઈન્સ્ટાગ્રામ પર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને ડિજિટલ એડિટિંગ દ્વારા વડાપ્રધાન તેમજ અન્ય નેતાઓના અશ્લીલ અને ગેરમાર્ગે દોરનારા વીડિયો અને ફોટોઝ પોસ્ટ કરવામાં આવ્યા છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે આવી પોસ્ટ્સથી જાહેર અશાંતિ, નફરત અને કાયદો-વ્યવસ્થાની સમસ્યા સર્જાઈ શકે છે.

બીજા કેસમાં તેલંગાણા ભાજપના સોશિયલ મીડિયા સભ્ય ટી. સાઈ કિરણ ગૌડે સોશિયલ મીડિયા પર સાર્વભૌમત્વ અને જાહેર વ્યવસ્થાને નુકસાન પહોંચાડતી સામગ્રી સામે તપાસની માંગ કરી હતી. પોલીસે આઈટી એક્ટની કલમ ૬૬-સી, ૬૭ અને ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. તપાસ દરમિયાન મોટાભાગના વાંધાજનક વીડિયો ડિલીટ કરવામાં આવ્યા છે અથવા ભારતમાં બ્લોક કરી દેવાયા છે.

# ‘મૂર્ખ’ અને ‘અંધ ભક્ત’ શબ્દોનો ઉપયોગ કરવા બદલ રાહુલ ગાંધી સામે વિશેષાધિકાર પ્રસ્તાવ નોટિસ

નવી દિલ્હી,તા.૩૧

કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી સામે ગૃહમાં બિનસંસદીય શબ્દોનો ઉપયોગ કરવા બદલ વિશેષાધિકાર ભંગની નોટિસ દાખલ કરવામાં આવી છે. ભાજપના સાંસદ અનુરાગ ઠાકુરે ૨૯ જુલાઈના રોજ લોકસભાની કાર્યવાહી દરમિયાન રાહુલ ગાંધીના વર્તનને લઈને સ્પીકર ઓમ બિરલાને આ ફરિયાદ સોંપી છે.



આરોપ મુજબ પેપર લીક બિલ પર ચર્ચા કરતી વખતે રાહુલ ગાંધીએ નાગરિકોના એક વર્ગ માટે ×મૂર્ખ× અને ×અંધ ભક્ત× જેવા વાંધાજનક શબ્દોનો અનેક વખત ઉપયોગ કર્યો હતો. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુ અને સ્પીકરની સ્પષ્ટ ચેતવણી છતાં તેમણે આ શબ્દોનું પુનરાવર્તન કર્યું હતું. ભાજપના સાંસદ સંજય જયસ્વાલે પણ રાહુલ ગાંધી સામે કાર્યવાહીની માંગ કરી છે.

જોકે, આ શબ્દો સંસદીય કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવ્યા છે. અનુરાગ ઠાકુરે આ મામલો વિશેષાધિકાર સમિતિને સોંપવાની માંગ કરી છે. સ્પીકર આ બાબતે તપાસ કરાવશે. જો રાહુલ ગાંધી દોષિત ઠરશે તો તેમને માફી માંગવી પડી શકે છે અથવા સત્રના બાકીના સમય માટે હાંકી કાઢવામાં આવી શકે છે.

રિપેરિંગ દરમિયાન પિલર તોડાતા દુર્ઘટના સર્જાઈ હોવાની પ્રાથમિક માહિતી

# મહારાષ્ટ્રના ભિવંડીમાં ૪ માળની ઈમારત ધરાશાયી, ૬ના મોત

ભિવંડી,તા.૩૧

મુંબઈ નજીકના ભિવંડી વિસ્તારમાં ગુરુવારે રાત્રે એક કરૂણ દુર્ઘટના સર્જાઈ હતી. ભિવંડીના કોહિનુર નામની ચાર માળની રહેણાંક ઈમારત અચાનક ધરાશાયી થઈ જતા ૬ લોકોના મોત નીપજ્યા હોવાનું સામે આવ્યું છે. જ્યારે હજુ પણ ૬થી ૭ લોકો કાટમાળ નીચે દબાયેલા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ઘટનાની જાણ થતાં જ સમગ્ર વિસ્તારમાં



અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.ઘટનાની માહિતી મળતા જ NDRF, ભિવંડી પોલીસ, ફાયર બ્રિગેડ અને મ્યુનિસિપલ તંત્રની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પોકલેન મશીનો અને અન્ય આધુનિક સાધનોની મદદથી કાટમાળ હટાવી ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે યુધ્ધના ધોરણે બચાવ કામગીરી હાથ ધરવામાં આવી છે.પ્રાથમિક માહિતી મુજબ, આ જૂની ઈમારતમાં છેલ્લા કેટલાક દિવસોથી રિપેરિંગનું કામ ચાલી રહ્યું હતું. સ્થાનિકોના જણાવ્યા અનુસાર કામ દરમિયાન કોન્ટ્રાક્ટર અને મજૂરો દ્વારા ત્રણ પિલર તોડી નાખવામાં આવ્યા હતા. જેના કારણે ઈમારતની મજબૂતાઈ નબળી પડી અને આખી ઈમારત અચાનક જમીનદોસ્ત થઈ ગઈ હોવાનું માનવામાં આવી રહ્યું છે.સદનસીબે ઈમારત ધરાશાયી થાય તે પહેલાં અસામાન્ય અવાજો સંભળાતા મોટાભાગના રહેવાસીઓ સમયસર બહાર નીકળી ગયા હતા. જોકે પહેલી માળ પર રહેલા કેટલાક લોકો અને રિપેરિંગમાં કામ કરતા મજૂરો કાટમાળ નીચે ફસાઈ ગયા હોવાનું માનવામાં આવે છે. પ્રશાસન દ્વારા બચાવ કામગીરી સતત ચાલુ રાખવામાં આવી છે અને તમામ લોકોને સુરક્ષિત બહાર કાઢવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

# ઉદયપુરમાં જ્વેલરી શોરૂમનું શટર તોડી રૂ. ૧ કરોડના દાગીનાની ચોરી

ઉદયપુર,તા.૩૧


હાથીપોલ વિસ્તારમાં ચોરો સોના-ચાંદીના દાગીના અને રોકડ લઈને ફરાર, ઘટના સીસીટીવીમાં કેદ રાજસ્થાનના ઉદયપુરના પંચવટી વિસ્તારમાં આવેલા જ્વેલરી શોરૂમનું શટર અને કાચનો દરવાજો તોડી તસ્કરો આશરે ૧ કરોડ રૂપિયાના હીરા, સોના-ચાંદીના દાગીના તથા ૯.૭૫ લાખ રોકડા ચોરીને ફરાર થઈ ગયા છે.

આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ છે. શોરૂમ માલિકની ફરિયાદના આધારે હાથીપોલ પોલીસે ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શનિવાર, તા.૦૧-૦૮-૨૦૨૬

# બગસરા પોલીસ સ્ટેશનનું એ.એસ.પી. જયવીર ગઢવી દ્વારા વાર્ષિક ઈન્સ્પેક્શન

બગસરા,તા.૩૧

બગસરા પોલીસ સ્ટેશન ખાતે જિલ્લાના યુવા એ.એસ.પી. જયવીર ગઢવી દ્વારા વાર્ષિક ઈન્સ્પેક્શનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવી રાખવા માટે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા સાત પોલીસ કર્મચારીઓને એ.એસ.પી. ના હસ્તે પ્રશંસાપત્ર


તસવીર : હાર્દિક બામટા

આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.સન્માનિત થનારા કર્મચારીઓમાં એ.એસ.આઈ. ભગવાનભાઈ ભીલ, એ.એસ.આઈ. પી.ડી. કલસરિયા, હેડ કોન્સ્ટેબલ ઉમેદ મહેતા, રવિદાનભાઈ ગઢવી, કપિલભાઈ તરસમિયા, સેજલબેન ગોંડલીયા તેમજ પોલીસ કોન્સ્ટેબલ કૈલાશબેન આદરોજાનો સમાવેશ થાય છે. એ.એસ.પી. ગઢવીએ આ તમામ કર્મચારીઓની ઉત્કૃષ્ટ સેવાઓને બિરદાવીને ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી. આ કાર્યક્રમ પ્રસંગે બગસરાના પી. આઈ. તથા પી.એસ.આઈ. વી. કે. ગોલવેલકર દ્વારા એ.એસ.પી. જયવીર ગઢવીને મોમેન્ટો આપીને તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

# સાવરકુંડલામાં સરદાર સર્કલ નિર્માણને લઈ ધારાસભ્ય મહેશ કસવાળાનું સન્માન

અમરેલી,તા.૩૧

સાવરકુંડલામાં અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાની સ્થાપના સાથે સરદાર સર્કલના નિર્માણને લઈને ખોડલધામ સમિતિ સાવરકુંડલા દ્વારા ધારાસભ્ય મહેશભાઈ કસવાળાનું સન્માન કરવામાં આવ્યું હતું. શહેરના શૈક્ષણિક સંસ્થાઓથી



ઘેરાયેલા વિસ્તારમાં દરરોજ હજારો વિદ્યાર્થીઓ અવરજવર કરે છે. વિદ્યાર્થીઓમાં એકતા, સંગઠન અને દેશપ્રેમની ભાવના વિકસે તેવા આશયથી સરદાર સર્કલનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આ કાર્યને પ્રોત્સાહન આપવા સમિતિના સરદાર શ્રધ્ધાળુઓએ સરદાર પટેલનું મોમેન્ટો અર્પણ કરી સન્માન વ્યક્ત કર્યું હતું. કાર્યક્રમમાં ખોડલધામ કાગવડના ટ્રસ્ટી દેવચંદભાઈ કપોપરા, મનીષભાઈ માંગરોળીયા તેમજ સમાજના આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીમાં ગઢની રાંગ પાસેથી ટ્રકના કેબિન પરથી તાલપત્રી ચોરાઈ

**મનુભાઈ માથાસુળિયા નામના યુવક સામે પોલીસ ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા.૩૧

અમરેલીમાં ગઢની રાંગ પાસેથી ટ્રકના કેબિન પરથી તાલપત્રી ચોરાઈ હતી. આ અંગે વસીમભાઈ અબ્દુલભાઈ રાઠોડ (ઉ.વ.૩૨)એ માસાભાઈ મનજીભાઈ ઉર્ફે મનાભાઈ ઉર્ફે મનુભાઈ માથાસુળિયા (ઉ.વ.૨૩) સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના ટ્રકના કેબિન ઉપર રાખેલી તાલપત્રી તથા સાહેદના ટ્રકના કેબિન ઉપર રાખેલી તાલપત્રી, જેની કિં.રૂ.૨૫,૦૦૦ ગણી શકાય, તેની આરોપીએ ચોરી કરી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ. બી. સૈયદ વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલાની જે. વી. મોદી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓની તાલુકા કક્ષાની રમતોત્સવમાં શાનદાર સિધ્ધિ

સાવરકુંડલા, તા.૩૧

૭૦મી એસ.જી.એફ. આઈ. રમતોત્સવ અંતર્ગત યોજાયેલી તાલુકા કક્ષાની વિવિધ સ્પર્ધાઓમાં જે. વી. મોદી હાઈસ્કૂલ, સાવરકુંડલાના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને શાળા અને શહેરનું ગૌરવ વધાર્યું છે. અંડર-૧૭ કબડ્ડી



અને ખો-ખો સ્પર્ધામાં શાળાની ટીમે ફાઈનલમાં પહોંચીને રનર-અપ સ્થાન મેળવ્યું હતું. ચૌહાણ આયુષ્માને ૧૦૦ મીટર દોડમાં તૃતીય સ્થાન મેળવ્યું હતું. મેર ધ્રુવની કબડ્ડી અને ચૌહાણ આયુષ્માનની ખો-ખો માટે જિલ્લા કક્ષાએ પસંદગી થઈ છે. ઈન્ચાર્જ આચાર્ય જીતુભાઈ ભટ્ટ તેમજ નૂતન કેળવણી મંડળના હોદ્દેદારો અને ટ્રસ્ટી મંડળે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે શુભેચ્છાઓ આપી હતી. કોચ નીતિનભાઈ સાવજેએ માર્ગદર્શન આપ્યું હતું.

# વિઠ્ઠલપુર ગામ નજીકથી ઈનોવા કારમાંથી અંગ્રેજી દારૂની ૭૨ બોટલ ઝડપાઈ

અમરેલી, તા. ૩૧

વિઠ્ઠલપુર નજીકથી ઈનોવા કારમાંથી અંગ્રેજી દારૂનો જથ્થો ઝડપાયો છે.

વિઠ્ઠલપુર-ખંભાળીયાથી પીઠવાજાળ જવાના રસ્તે ગામ નજીકથી પસાર થઈ રહેલી ઈનોવા કારને પોલીસે અટકાવી તલાશી લેતાં, તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની વિવિધ બ્રાન્ડની ૭૨ બોટલો મળી આવી હતી. પોલીસે ઈનોવા કાર, દારૂની બોટલો અને મોબાઈલ મળી કુલ રૂ. ૨,૧૦,૭૨૪નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

આ ઉપરાંત, જિલ્લામાં એક મહિલા સહિત ૧૧ લોકો પાસેથી દેશી દારૂ પકડાયો હતો, જ્યારે વિવિધ સ્થળોએથી ૨૪ ઈસમો કેફી પીણું પીને રખડતા-ફરતા મળી આવ્યા હતા.

# અમરેલી પેરોલ ફર્લો સ્ક્વોર્ડે ૧૧ વર્ષથી ફરાર આરોપીને ઝડપી પાડયો

અમરેલી,તા.૩૧

અમરેલી જિલ્લા પેરોલ ફર્લો સ્ક્વોર્ડ દ્વારા છેલ્લા ૧૧ વર્ષથી નાસતા ફરતા ગુનાહિત ઈતિહાસ ધરાવતા આરોપીને ઝડપી પાડવામાં સફળતા મળી છે. પોલીસની ટીમે હ્યુમન ઈન્ટેલિજન્સ તથા ટેકનિકલ સોર્સના આધારે કાર્યવાહી કરી હતી. ટીમે તા.૩૧/૦૭/૨૦૨૬



ના રોજ કોબાડીયા મુકામેથી આરોપી વિનુભાઈ બાબુભાઈ પરમારને હસ્તગત કરી વંડા પોલીસ સ્ટેશને સોંપેલ છે. આ આરોપી વિરૂધ્ધ સાવરકુંડલા કોર્ટમાં વર્ષ ૨૦૧૫નો ફોજદારી કેસ ચાલુ હતો અને તે સતત ગેરહાજર રહેતા પકડ વોરંટ નીકળ્યું હતું. આરોપી વિરૂધ્ધ અગાઉ પણ હત્યાના પ્રયાસ અને દારૂબંધી સહિતના ગંભીર ગુનાઓ નોંધાયેલા છે.

# મતીરાળા ગામે ગાગડીયા નદીના પટમાંથી દેશી હાથબનાવટની જામગરી બંદૂક સાથે યુવક પકડાયો

લાઠી, તા. ૩૧

મતીરાળા ગામે ગાગડીયા નદીના પટમાંથી દેશી હાથબનાવટની જામગરી બંદૂક સાથે યુવક પકડાયો હતો. લીલીયામાં રહેતો સાદિકભાઈ હારૂનભાઈ મકવાણા (સિપાઈ) (ઉં.વ.૨૪) પોતાના કબજામાં ગેરકાયદેસર વગર લાઈસન્સની દેશી હાથબનાવટની જામગરી બંદૂક સાથે ઝડપાયો હતો. આ અંગે લાઠી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. કે. કે. પાંડવ વધુ તપાસ કરી રહ્યા છે.

# લાઠીના દેરડી (જાનબાઈ) ગામેથી યુવતી ઘરેથી ચાલી નીકળી

લાઠી, તા. ૩૧

અમરેલી જિલ્લામાં યુવતીઓ ગુમ થવાનો સિલસિલો યથાવત્ રહેવા પામ્યો છે. લાઠીના દેરડી (જાનબાઈ) ગામેથી યુવતી ઘરેથી ચાલી નીકળી હતી. મુકેશભાઈ રમેશભાઈ ચૌહાણ (ઉં. વ.૪૦) એ જાહેર કર્યા મુજબ, તેમની દીકરી દર્શનાબેન (ઉં. વ.૧૮) પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર નીકળ્યા બાદ પરત ફરી નથી.

# બાબરા પોલીસે રાણપર સીમમાં ઘરફોડ ચોરી કરનારને ઝડપી પાડ્યો

અમરેલી,તા.૩૧

બાબરા તાલુકાના રાણપર ગામના સીમ વિસ્તારમા થયેલ ઘરફોડ ચોરીના બનાવમા બાબરા પોલીસને મોટી સફળતા મળી છે. અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ ચોરીના ગુન્હાઓ ઉકેલવા પોલીસ ટીમો બનાવી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમ્યાન ''ઈગલ આઈ'' પ્રોજેક્ટ અંતર્ગત લાગેલ CCTV કેમેરાના ફૂટેજ તપાસી શકમંદ વાહનોને ટ્રેક કરવામાં આવ્યા હતા. હ્યુમન સોર્સ અને ટેકનીકલ



સર્વેલન્સની મદદથી સરધાર ખાતેથી મુનાભાઈ રમેશભાઈ ચુડાસમાને પકડી પાડવામાં આવ્યા છે. પોલીસે આરોપી પાસેથી રૂ.૪૫,૯૦૦ ની કિંમતની ૧૧ બોરી લસણ અને ચોરીમા ઉપયોગ કરેલ રૂ.૧,૫૦,૦૦૦ ની બજાજ મેક્સીમા રીક્ષા કબ્જે કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સાવરકુંડલા આઈટીઆઈ ભરતીમેળામાં ૭૭ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરાઈ

સાવરકુંડલા,તા.૩૧

જિલ્લા રોજગાર કચેરી અમરેલી તથા ઔદ્યોગિક તાલીમ સંસ્થા સાવરકુંડલાના સંયુક્ત ઉપક્રમે આઈટીઆઈ સાવરકુંડલા ખાતે ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. EDF International Netwroks


તસવીર : સૌરભ દોશી

અને Credit Access Grameen Limited માટે ટેકનિકલ તેમજ નોન-ટેકનિકલ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. ધોરણ ૧૦, ૧૨, આઈટીઆઈ અને ડિપ્લોમા એન્જિનિયરિંગ પાસ કુલ ૯૮ ઉમેદવારો હાજર રહ્યા હતા. તેમાંમાંથી ૭૭ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવી હોવાનું આઈટીઆઈ દ્વારા જણાવાયું છે.

# ગુરુ પૂર્ણિમાએ મહેશ કસવાલાએ સંતોના આશીર્વાદ મેળવ્યા

**સાવરકુંડલા-લીલીયા વિસ્તારના વિવિધ ગામોના આશ્રમોની મુલાકાત લઈ ગુરુવંદના કરી**

સાવરકુંડલા,તા.૩૧

ગુરુ પૂર્ણિમાના પાવન અવસરે સાવરકુંડલા-લીલીયા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ તાલુકાના વિવિધ ગામોમાં આવેલા આશ્રમોની મુલાકાત લઈ સંત-મહાત્માઓના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. તેમણે આદસંગ ગામે પ્રેમદાસબાપુ, બાઢડા ખાતે જ્યોતિ મૈયા, મોટા ભમોદ્રા ગામે મધુબાપુ,



હિપાવડલીમાં જસુ બાપુ, વીરડી ખાતે ધનસુખનાથ બાપુ, નાના ઝીઝુડામાં સીતારામબાપુ, સાવરકુંડલામાં નિર્દોષાનંદ સરસ્વતીજી, હાથસણીમાં ભક્તિરામબાપુ તેમજ કાનાતળાવમાં ઉષા મૈયાના દર્શન કર્યા હતા. મહેશભાઈ કસવાલાએ જણાવ્યું કે ભારતીય સંસ્કૃતિમાં ગુરુનું સ્થાન સર્વોચ્ચ છે અને ગુરુના આશીર્વાદથી જીવનમાં સદ્વિચાર, સંસ્કાર તેમજ સકારાત્મક ઉર્જાનો સંચાર થાય છે. કાર્યક્રમ દરમિયાન સંગઠનના હોદેદારો, સ્થાનિક આગેવાનો, કાર્યકરો, ગ્રામજનો અને મોટી સંખ્યામાં ભક્તો હાજર રહ્યા હતા.









# ગાધકડા પ્રાથમિક શાળામાં રૂ. ૬૮ લાખના નવા વર્ગખંડોના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત

**ધારાસભ્ય મહેશ કસવાળાના હસ્તે વિકાસલક્ષી કાર્યનો પ્રારંભ**

સાવરકુંડલા,તા.૩૧

સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામની પ્રાથમિક શાળામાં અંદાજિત રૂ.૬૮ લાખના ખર્ચે નવા વર્ગખંડોના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત ધારાસભ્ય મહેશ કસવાળાના હસ્તે કરવામાં આવ્યું હતું.




કાર્યક્રમમાં ગામના આગેવાનો, શાળા પરિવાર, ગ્રામજનો તેમજ મોટી સંખ્યામાં સ્થાનિક લોકો ઉપસ્થિત રહ્યા હતા. પ્રસંગે મહેશ કસવાળાએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર ગુણવત્તાસભર શિક્ષણ માટે આધુનિક અને સુવિધાસભર શૈક્ષણિક માળખું ઊભું કરવા પ્રતિબધ્ધ છે.

વિદ્યાર્થીઓને સ્વચ્છ, સુરક્ષિત અને તમામ જરૂરી સુવિધાઓથી સજ્જ વર્ગખંડો ઉપલબ્ધ થાય તે માટે સતત વિકાસલક્ષી કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. નવા વર્ગખંડોના નિર્માણથી ગાધકડા ગામના વિદ્યાર્થીઓને વધુ સારી શૈક્ષણિક સુવિધાઓ મળશે તેમજ શિક્ષણનું વાતાવરણ વધુ અનુકૂળ બનશે.

# જાફરાબાદનો દરિયો બન્યો તોફાની, દરિયાકાંઠે ૩ નંબરનું સિગ્નલ લગાવાયું

જાફરાબાદ,તા.૩૧

અમરેલી જિલ્લાના દરિયાકાંઠે હાઈટાઈડની સ્થિતિ વચ્ચે દરિયો તોફાની બન્યો છે. જાફરાબાદ બંદર, ધારાબંદર, પીપાવાવ અને શિયાળબેટ સહિતના કોસ્ટલ વિસ્તારમાં દરિયામાં ભારે કરંટ અને ઊંચા મોજા જોવા મળી રહ્યા છે. રાજ્યમાં વરસાદની આગાહી અને સક્રિય હવામાન પ્રણાલીના



તસવીર : બાબુભાઈ વાઢેળ

કારણે દરિયામાં ભારે પવન સાથે વરસાદી માહોલ સર્જાતા દરિયો વધુ રૌદ્ર સ્વરૂપ ધારણ કરી રહ્યો છે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તંત્ર એલર્ટ બન્યું છે. તમામ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે અને તેમની બોટો સુરક્ષિત રીતે દરિયાકાંઠે રાખવામાં આવી છે.

સાથે જ દરિયાકાંઠાના વિસ્તારોમાં રહેતા લોકોને દરિયાની નજીક ન જવા અને જરૂરી સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે. જાફરાબાદ સહિત સમગ્ર કોસ્ટલ વિસ્તારમાં તંત્ર સતત નજર રાખી રહ્યું છે.

# દામનગરની દહીંથરા પ્રા. શાળામાં કાનૂની માર્ગદર્શન શિબિર યોજાઈ

દામનગર,તા.૩૧



તસવીર : વિનોદ જયપાલ

લાઠી તાલુકા કાનૂની સેવા સત્તા મંડળ અને અમરેલી જિલ્લા લીગલ સેવા ઓથોરિટીના સંકલનથી દામનગરની દહીંથરા પ્રાથમિક શાળા ખાતે કાનૂની માર્ગદર્શન શિબિર યોજાઈ હતી. નાલસા જાગૃતિ યોજના અંતર્ગત આયોજિત આ કાર્યક્રમમાં દામનગર હોમગાર્ડ કમાન્ડર નરેશભાઈ રાજ્યગુરુ, આચાર્ય દેવીલાલ, શિક્ષક સ્ટાફ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. શિબિરમાં વિદ્યાર્થીઓને સરળ ભાષામાં કાયદાકીય બાબતો, રોજિંદી નાની-નાની કાનૂની જોગવાઈઓ અને વિવિધ પ્રકારના ગુનાઓ સામે સતર્ક રહીને જાગૃત બનવા અંગે ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

# લાઠીના ભાલવાવ ગામે રસ્તાની ૨૦ ફૂટ જગ્યા કેમ ન છોડી? કહી ગાળો આપી

**ધારિયું ઉગામી જાનથી મારવાની ધમકી આપી**

લાઠી, તા. ૩૧

લાઠીના ભાલવાવ ગામે 'રસ્તાની ૨૦ ફૂટ જગ્યા કેમ ન છોડી?' તેમ કહી ગાળો આપી, ધારિયું ઉગામીને જાનથી મારવાની ધમકી આપવાનો બનાવ બન્યો છે. આ અંગે દુદાભાઈ મેઘજીભાઈ સોલંકી (ઉં.વ. ૫૦)એ અરવિંદભાઈ ટાભજીભાઈ સોલંકી, રમેશભાઈ ટાભજીભાઈ સોલંકી તથા ટાભજીભાઈ મેઘજીભાઈ સોલંકી સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદી તથા સાક્ષી પોતાની વાડીએ ટ્રેક્ટર વડે ખેતીકામ કરતા હતા. તે દરમિયાન આરોપી અરવિંદભાઈ ટાભજીભાઈ સોલંકી પોતાના હાથમાં ધારિયું લઈને આવ્યો હતો અને 'રસ્તાની ૨૦ ફૂટ જગ્યા કેમ ન છોડી?' તેમ કહી તેમને તથા સાક્ષીને જેમ ફાવે તેમ ભૂંડા બોલ બોલી ગાળો આપવા લાગ્યો હતો. ઉપરાંત, તેણે ધારિયાનો ઘા મારવા પ્રયાસ કરતા તેઓ બાજુમાં ખસી ગયા હતા, જેથી ધારિયું જમીન પર પડી ગયું હતું. ત્યારબાદ આરોપીઓએ તેમને ધક્કો મારી જમીન પર પછાડી દઈ શરીરે ઢીકાપાટુનો મુઢ માર માર્યો હતો. તમામ આરોપીઓએ તેમને ગાળો આપીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી. એ. ચારોલા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# આકાશવાણી રાજકોટ પર વિપુલ લહેરીનો વન્યજીવ સંરક્ષણ અંગે સંવાદ યોજાશે

રાજુલા,તા.૩૧

રાજુલાના પર્યાવરણપ્રેમી વિપુલ લહેરી છેલ્લા ૩૦ વર્ષથી વન્યજીવ અને પર્યાવરણ સંરક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરી રહ્યા છે. દરિયાઈ કાચબા, પ્રકૃતિના સફાઈ કામદાર ગણાતા ગીધ, વિદેશથી આવતા યાયાવર પક્ષીઓ તેમજ એશિયાટિક સિંહોના સંરક્ષણ અને સંવર્ધન માટે તેમની કામગીરી પ્રશંસનીય રહી છે. આ કામગીરીને કેન્દ્રમાં રાખીને ઓલ ઈન્ડિયા રેડિયો પ્રસાર ભારતી આકાશવાણી રાજકોટના 'ગામનો ચોરો' કાર્યક્રમમાં તેમની વિશેષ મુલાકાત પ્રસારિત થશે. આ સંવાદમાં નિર્માણ સહાયક કાનનબેન છાયા અને વિરલભાઈ રાવલ જોડાશે, જ્યારે કાર્યક્રમનું નિર્માણ અટલબહેન શર્માએ કર્યું છે. આ કાર્યક્રમનું પ્રસારણ રવિવાર, ૨ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ સાંજે ૭:૨૦ વાગ્યે આકાશવાણી રાજકોટ પરથી કરવામાં આવશે.

# બાઢડાની વીરાણી હાઈસ્કૂલના ખેલાડીઓ તાલુકા અને જિલ્લા કક્ષાએ સુંદર પ્રદર્શન

સાવરકુંડલા, તા.૩૧

સાવરકુંડલામાં કે. કે. હાઈસ્કૂલ ખાતે તાજેતરમાં યોજાયેલી તાલુકા કક્ષાની એથ્લેટિક્સ સ્પર્ધા અને અમરેલીમાં વિદ્યાસભા સંકુલ ખાતે યોજાયેલી જિલ્લા કક્ષાની હેન્ડબોલ સ્પર્ધામાં બાઢડાની એચ. એન. વીરાણી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. જેમાં એથ્લેટિક્સ સ્પર્ધા (તાલુકા કક્ષા): ચક્ર ફેંક: ગુજરીયા લાલજી (પ્રથમ નંબર), બાલધિયા રમેશ (દ્વિતીય નંબર) ૩૦૦૦ મીટર દોડ: શિયાળ વિશ્વાસ (દ્વિતીય નંબર) ૪૦૦ મીટર દોડ: ડુબાણીયા મંથન (દ્વિતીય નંબર) ૮૦૦ મીટર દોડ: ઝાપડા કિંજલ (પ્રથમ નંબર), ઝાપડા જયશ્રી (દ્વિતીય નંબર) પ્રાપ્ત કર્યો છે. આ તમામ વિજેતાઓ હવે જિલ્લા કક્ષાની સ્પર્ધામાં પ્રતિનિધિત્વ કરશે.



# સા.કુંડલાની બ્રાંચ શાળા નં. ૨ની વિદ્યાર્થિનીઓનો તાલુકા કક્ષાની રમતગમતમાં ઉત્કૃષ્ટ દેખાવ

સાવરકુંડલા, તા.૩૧

સાવરકુંડલામાં તાલુકા કક્ષાની SGFI રમતગમત સ્પર્ધા-૨૦૨૬ અંતર્ગત યોજાયેલી એથલેટિક્સ સ્પર્ધામાં શહેરની બ્રાંચ શાળા નં. ૨ કન્યા શાળાની ખેલાડીઓએ શાનદાર દેખાવ કર્યો છે. જેમાં અંડર-૧૪ વિભાગમાં પ્રથમ સ્થાન: ડાભી માનસી (ચક્રફેંક), ગોરેયા દીપાવલી (ઊંચીકૂદ), રાણાવડિયા શિવાંગી (૧૦૦ મીટર દોડ).દ્વિતીય સ્થાન: ગોહિલ પ્રિયંકા (૧૦૦ મીટર દોડ), જીરૂકા અલ્વીરા (ગોળાફેંક).તૃતીય સ્થાન: જાખરા પરી (૨૦૦ મીટર દોડ), દેગામાં રવિના (૨૦૦ મીટર દોડ), ગોહિલ હિના (૨૦૦ મીટર દોડ), મકવાણા અલ્વીરા (લાંબીકૂદ). અંડર-૧૭ વિભાગમાં દ્વિતીય સ્થાન: સોલંકી જાનવી (ઊંચીકૂદ)નો સમાવેશ થાય છે. વિદ્યાર્થિનીઓની આ સિધ્ધિ બદલ પી.ટી.આઈ. શિક્ષક આસિફભાઈ કુરેશીની સરાહના કરવામાં આવી હતી. શાળાના આચાર્યા ભારતીબેન રાઠોડ તેમજ શિક્ષક પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.




શું તમને સાંભળવાની તકલીફ છે ?

- નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય

કાનના મશીન

કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

અવતાર

સ્પીચ અને હિયરીંગ ક્લિનીક

ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363


## મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ વડીયાની કોર્ટમાં

-:જાહેર નોટીસ:-

નં.જન્મ-મરણ નોંધણી/અરજી નં.૩૪/૨૦૨૬

**અરજદારશ્રી:-** શ્રી દેવરાજભાઈ હરિભાઈ બરવાળીયા,
રે. દડવા રાંદલ, તા. વડીયા, જી. અમરેલી.
એડવોકેટશ્રી :- મયુર બી. દેસાઈ, મો.- ૯૭૨૫૭ ૭૨૮૫૪

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** ૧. તલાટી કમ મંત્રીશ્રી દડવા રાંદલ, તા. વડીયા, જિ. અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, **અરજદારશ્રી દેવરાજભાઈ હરિભાઈ બરવાળીયાએ તેમના માતૃશ્રી લાભુબેન હરિભાઈ બરવાળીયાનું અવસાન તા. ૧૦/૦૮/૨૦૦૧ ના રોજ મુ. દડવા રાંદલ, તા. વડીયા, જી. અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે.તો સદર અરજીના અનુસંધાને મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા** ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૦૮/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી,
મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
વડીયા

## અવસાન નોંધ

**રાજકોટ**

ગુ.હા.સ.ચા મોઢ બ્રાહ્મણ સ્વ. જયશ્રી બેન અનિલભાઈ શુક્લ ઉ.વ ૭૯ તા. ૨૯/૦૭/૨૦૨૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે સદગતનુ ઉઠમણુ તથા પીયર પક્ષનુ બેસણુ તારીખ ૧/૦૮/૨૦૨૬ના રોજ સાંજે ૪થી ૫ કલાકે રાખેલ છે સરનામુ કલ્યાણજી નરશી જાની મોઢ બ્રાહ્મણની વાડી ચંદન પાર્ક મેઇન રોડ સરકારી કર્મચારી સોસાયટી રૈયા રોડ રાજકોટ તે અનિલભાઈ વિશ્ણુપ્રસાદભાઈ શુક્લ (રેલ્વે વાળા)ના ધર્મપત્ની તેમજ સ્વ.બહાદુરભાઈ (વિશ્ણુપ્રસાદ), રેવાશંકર શુક્લના પુત્રવધુ. જયંતભાઈ (ભીમાભાઈ), ભાનુબેન વિનોદરાય ત્રવાડી, સુશીલાબેન શંભુપ્રસાદ ત્રવાડી, ઉષાબેન હસમુખરાય ત્રિવેદીના ભાભી, અમીત ભાઇ (અર્બન મનીબેંક તથા જનકાર બીટસ)તથા શાસ્ત્રી નિતેષ શુક્લના મમ્મી તથા સ્વ. ભાગીરથી બેન તથા મગનલાલ મણિશંકર ત્રવેદીના પુત્રી, ભરતભાઇ હરીલાલ ત્રિવેદીના બેન,જયેશભાઇ, જીગ્નેશ ભાઈ,વિશાલના ફૈબાનું અવસાન થયેલ છે.

## મામલતદાર અને એક્ઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૭૦/૨૦૨૬

શ્રી વલીશા રજબશા શાહમદાર,
રહે. ચુડા તા. ભેસાણ જી. જુનાગઢ
એડવોકેટ : જિગ્નેશ સી. વેકરીયા,
પરબ રોડ, મુ. ભેસાણ તા. ભેસાણ, જી. જુનાગઢ ......વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - ચુડા,
તા. ભેસાણ, જી. જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ – ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી વલીશા રજબશા શાહમદાર દ્વારા તેઓના પુત્રીશ્રી સયદા વલીશા શાહમદારનો જન્મ તા. ૨૨/૦૭/૧૯૯૬ ના રોજ ગામ/મોજે: ચુડા, તા. ભેંસાણ, જિ. જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે અરજદારશ્રીની જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી-ચુડા, તા. ભેંસાણ, જિ. જુનાગઢ ના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૨૩ મી માહે : જુલાઈ સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા

કોર્ટનો સિક્કો

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એક્ઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ


અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.

ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ

સંજય ટાયર્સ

બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


## મામલતદાર અને એક્ઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૬૯/૨૦૨૬

શ્રી ભાવેશભાઈ વાઘજીભાઈ કાપડીયા,
રહે. સુરત ઠે.સી-૨૦૨, ભવાની હાઈટસ, મહારાજા ફાર્મ પાસે,
મોટા વરાછા, ચોરાસી, સુરત-૩૯૪૧૦૧
એડવોકેટ : જિગ્નેશ સી. વેકરીયા,
પરબ રોડ, મુ.ભેસાણ તા. ભેસાણ, જી. જુનાગઢ ......વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - વાંદરવડ,
તા. ભેસાણ, જી. જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ – ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી ભાવેશભાઈ વાઘજીભાઈ કાપડીયાનો જન્મ તા. ૧૨/૦૮/૧૯૭૬ ના રોજ ગામ/મોજે: વાંદરવડ, તા. ભેંસાણ, જિ. જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે અરજદારશ્રીની જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી-વાંદરવડ, તા. ભેંસાણ, જિ. જુનાગઢ ના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે.આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૨૩ મી માહે : જુલાઈ સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિકકા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એક્ઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ


ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર

Dream Family spa
Ladies & Gents

ડ્રીમ ફેમેલી સ્પા

ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ

બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ

કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ

Appointment Now Mo.8160832025

ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બજુમા અમરેલી - 365601

## તંત્રી લેખ

# વિકસિત ભારત તરફ વેગવાન અર્થતંત્ર

વિશ્વ આજે આર્થિક અનિશ્ચિતતા, વધતા ફુગાવા અને ભૂરાજકીય તણાવ જેવા પડકારોનો સામનો કરી રહ્યું છે. આવી પરિસ્થિતિમાં ભારતનું અર્થતંત્ર આશાના કિરણ તરીકે ઉભરી આવ્યું છે. આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ (IMF) અને વિશ્વ બેંક જેવી વૈશ્વિક સંસ્થાઓ ભારતને વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું મોટું અર્થતંત્ર ગણાવી રહી છે. સાત ટકાથી વધુનો વિકાસ દર, મજબૂત સ્થાનિક માંગ, વધતું રોકાણ અને સરકારની સુધારાવાદી નીતિઓના કારણે ભારત વૈશ્વિક વિકાસનું મહત્વપૂર્ણ કેન્દ્ર બની રહ્યું છે. જોકે આ વિકાસયાત્રા સંપૂર્ણપણે પડકારમુક્ત નથી. આ પડકારોને સમજદારીપૂર્વક દૂર કરીને જ ભારત પોતાના વિકાસના લક્ષ્યોને વધુ મજબૂત બનાવી શકે છે. ભારતીય અર્થતંત્ર સામેનો સૌથી મોટો પડકાર ફુગાવો અને રોજગારી વચ્ચે સંતુલન જાળવવાનો છે. વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલ અને ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં થતી વધઘટની સીધી અસર ભારતના બજાર પર પડે છે. ઉપરાંત, દેશની મોટી વસ્તી હજુ પણ અસંગઠિત ક્ષેત્રમાં કાર્યરત હોવાથી તેમની આવક અને સામાજિક સુરક્ષા મર્યાદિત રહે છે. કૃષિ ક્ષેત્રમાં ઉત્પાદન વધ્યું હોવા છતાં ખેડૂતોને યોગ્ય બજાર અને વાજબી ભાવ મળવામાં હજુ પડકારો છે. બીજી તરફ, શહેરી વિસ્તારોમાં યુવાનો માટે કૌશલ્ય આધારિત રોજગારીનું સર્જન સમયની મહત્વપૂર્ણ જરૂરિયાત બની ગયું છે. લોજિસ્ટિક્સ ખર્ચ વધુ હોવાથી ઉત્પાદન મોંઘું પડે છે, જેના કારણે નાના અને મધ્યમ ઉદ્યોગોને વૈશ્વિક સ્પર્ધામાં ટકી રહેવું મુશ્કેલ બને છે. વિદેશ વ્યાપારના ક્ષેત્રમાં પણ ભારતને અનેક પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. અમેરિકા અને ચીન વચ્ચેના વેપાર વિવાદ, રશિયા - યુક્રેન યુધ્ધ અને વૈશ્વિક સપ્લાય ચેઈનમાં આવેલા વિક્ષેપના કારણે આંતરરાષ્ટ્રીય વેપાર પ્રભાવિત થયો છે. લાલ સમુદ્ર વિસ્તારમાં વધેલા તણાવને કારણે શિપિંગ ખર્ચમાં વધારો થયો છે, જેના કારણે ભારતીય નિકાસકારો પર વધારાનો આર્થિક બોજ પડ્યો છે. ઉપરાંત, યુરોપિયન યુનિયનના કાર્બન બોર્ડર ટેક્સ અને વિવિધ દેશોના કડક ગુણવત્તા ધોરણો ભારતીય ઉત્પાદનો માટે નવા પડકારો ઉભા કરી રહ્યા છે. ડોલર સામે રૂપિયાના મૂલ્યમાં થતી વધઘટ અને ક્રૂડ ઓઈલની આયાત પરની નિર્ભરતા પણ વેપાર ખાધને અસર કરે છે. આ પડકારો વચ્ચે ભારત સરકારે અનેક અસરકારક પગલાં લીધાં છે. નવા બજારો સુધી પહોંચવા માટે ઓસ્ટ્રેલિયા અને યુએઈ સાથે મુક્ત વેપાર કરારો કરવામાં આવ્યા છે, જ્યારે બ્રિટન અને યુરોપિયન યુનિયન સાથે વેપાર કરાર અંગે ચર્ચા ચાલી રહી છે. 'મેક ઈન ઈન્ડિયા' અને પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ (PLI) યોજના દ્વારા દેશમાં ઉત્પાદનને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. આજે મોબાઈલ ફોન, સેમિકન્ડક્ટર, સોલાર પેનલ અને ઈલેક્ટ્રિક વાહનોના ઉત્પાદનમાં ભારત સતત પ્રગતિ કરી રહ્યું છે. સાથે જ 'વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ' યોજના દ્વારા સ્થાનિક ઉત્પાદનોને વૈશ્વિક બજારમાં નવી ઓળખ મળી રહી છે. આંતરિક વિકાસને મજબૂત બનાવવા માટે પણ સરકારે અનેક મહત્વપૂર્ણ યોજનાઓ અમલમાં મૂકી છે. પીએમ ગતિશક્તિ યોજના દ્વારા માર્ગ, રેલવે, બંદરો અને એરપોર્ટ વચ્ચે વધુ સારી સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે. ડિજિટલ ઈન્ડિયા અને યુપીઆઈએ ભારતને વિશ્વમાં ડિજિટલ ચુકવણીના ક્ષેત્રમાં અગ્રણી સ્થાન અપાવ્યું છે. સ્કિલ ઈન્ડિયા અને સ્ટાર્ટઅપ ઈન્ડિયા જેવી પહેલો દ્વારા યુવાનોને સ્વરોજગાર અને ઉદ્યોગસાહસિકતા તરફ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. કૃષિ ક્ષેત્રમાં ઈનામ અને પીએમ કિસાન સન્માન નિધિ જેવી યોજનાઓ ખેડૂતોને વધુ સશક્ત બનાવી રહી છે.

# અતિ ભારે વરસાદના ઝંઝાવાત વચ્ચે ગુજરાતના માથે ઝળુંબતી આકાશી આફત સામે સજ્જ બનો

ગુજરાતમાં ચોમાસાની સીઝન દરમિયાન અત્યાર સુધી સંતોષકારક વરસાદ નોંધાયો છે, પરંતુ હવે આગામી ચારથી પાંચ દિવસ રાજ્ય માટે અત્યંત મહત્વપૂર્ણ અને ચિંતાજનક બની શકે છે. ભારતીય હવામાન વિભાગ (IMD) દ્વારા જાહેર કરવામાં આવેલી તાજેતરની આગાહી અનુસાર રાજ્યના અનેક વિસ્તારોમાં અતિશય ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વિવિધ જિલ્લાઓમાં રેડ અને ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યા છે, જ્યારે રાજ્ય સરકાર અને સ્થાનિક તંત્ર પણ સંપૂર્ણ સતર્ક બની ગયું છે.આજે સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે અને હળવા વરસાદી ઝાપટાં શરૂ થઈ ગયા છે. ભાવનગર સહિતના વિસ્તારોમાં ભેજનું પ્રમાણ ખૂબ ઊંચું નોંધાયું છે, જેના કારણે આગામી દિવસોમાં ભારે વરસાદની શક્યતા વધુ મજબૂત બની રહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર હાલ રાજ્યમાં એકસાથે અનેક હવામાન પ્રણાલીઓ સક્રિય હોવાથી વરસાદનું પ્રમાણ સામાન્ય કરતાં ઘણું વધારે રહી શકે છે. ભારતીય હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્ર દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર હાલ ચાર મહત્વપૂર્ણ હવામાન પ્રણાલીઓ એકસાથે કાર્યરત છે. પ્રથમ પ્રણાલી બંગાળની ખાડીમાં સર્જાયેલું લો પ્રેશર એરિયા છે, જે ધીમે ધીમે પશ્ચિમ તરફ આગળ વધી રહ્યું છે અને મધ્ય ભારત થઈને ગુજરાત તરફ આગળ વધવાની સંભાવના છે. બીજી પ્રણાલી દક્ષિણ ગુજરાત અને આસપાસના વિસ્તારોમાં ત્રણથી સાત કિલોમીટરની ઊંચાઈએ બનેલું સાયક્લોનિક સર્ક્યુલેશન છે, જે અરબી સમુદ્રમાંથી સતત ભેજ ખેંચી રહ્યું છે. ત્રીજી મહત્વપૂર્ણ પ્રણાલી અરબી સમુદ્રમાં સક્રિય થયેલું ઓફશોર ટ્રફ છે. તેના કારણે દરિયાઈ વિસ્તારોમાંથી ભેજયુક્ત પવનો સતત ગુજરાતના કિનારાઓ તરફ આવી રહ્યા છે. ચોથી અને સૌથી અસરકારક પ્રણાલી મોન્સૂન ટ્રફ છે, જે હાલમાં તેની સામાન્ય સ્થિતિ કરતાં દક્ષિણ તરફ ખસી ગઈ છે અને ગુજરાત પરથી પસાર થઈ રહી છે. હવામાન નિષ્ણાતોના જણાવ્યા મુજબ આ ચારેય પ્રણાલીઓનું એકસાથે સક્રિય થવું અત્યંત દુર્લભ ઘટના છે અને તેથી જ ભારે વરસાદની શક્યતા વધી ગઈ છે.હવામાન વિભાગના અધિકારીઓએ જણાવ્યું છે કે આગામી સાત દિવસ સુધી ચોમાસું અત્યંત સક્રિય રહેશે. ખાસ કરીને ૩૦ જુલાઈથી ૨ ઓગસ્ટ દરમિયાન રાજ્યના અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. આ સમયગાળામાં નદીઓમાં પાણીની આવક ઝડપથી વધી શકે છે, જ્યારે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ પણ સર્જાઈ શકે છે. આગાહી મુજબ સૌથી વધુ અસર દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં જોવા મળશે. હવામાન વિભાગે છોટાઉદેપુર અને નર્મદા જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કર્યું છે, જ્યાં ૨૪ કલાકમાં ૨૦ સેન્ટીમીટરથી વધુ વરસાદ નોંધાઈ શકે છે. તાપી અને ડાંગ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જ્યાં




ભારે વરસાદની શક્યતા છે. તે ઉપરાંત વડોદરા, સુરત, નવસારી, વલસાડ, ભરૂચ, દમણ અને દાદરા અને નગર હવેલીમાં પણ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર, જૂનાગઢ, ગીર સોમનાથ, રાજકોટ, જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ વ્યાપક વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ઉત્તર ગુજરાતના મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી અને બનાસકાંઠામાં પણ ભારે વરસાદ પડી શકે છે. આમ,

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

સમગ્ર ગુજરાતમાં વરસાદી માહોલ રહેશે, પરંતુ સૌથી વધુ જોખમ દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને દરિયાકાંઠાના વિસ્તારોમાં રહેશે. ભારે વરસાદને કારણે નદીઓમાં ઘોડાપૂર આવવાની શક્યતા છે. સાથે જ મોટા ડેમોમાં પાણીની સપાટીમાં ઝડપથી વધારો થઈ શકે છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવા, માર્ગ વ્યવહાર ખોરવાઈ જવા અને વીજ પુરવઠામાં વિક્ષેપ સર્જાવાની શક્યતા પણ નકારી શકાય તેમ નથી. આ સંભવિત પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે અગાઉથી જ વ્યાપક તૈયારીઓ શરૂ કરી દીધી છે. મુખ્યમંત્રી કાર્યાલય અને સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા તમામ જિલ્લા કલેક્ટરો સાથે સતત સંપર્ક રાખવામાં આવી રહ્યો છે. વિવિધ જિલ્લાઓમાં પરિસ્થિતિની સમીક્ષા માટે નિયમિત વિડિયો કોન્ફરન્સ યોજાઈ રહી છે. રાજ્યમાં એનડીઆરએફ (NDRF)ની ૧૫થી વધુ ટીમો અને એસડીઆરએફ (SDRF)ની ૨૨ ટીમોને સ્ટેન્ડબાય રાખવામાં આવી છે. ખાસ કરીને રેડ એલર્ટ ધરાવતા જિલ્લાઓમાં બચાવ ટીમોની તૈનાતી કરવામાં આવી છે. જરૂરિયાત ઊભી થાય તો આર્મી, એરફોર્સ અને કોસ્ટગાર્ડની મદદથી હેલિકોપ્ટર દ્વારા બચાવ કામગીરી હાથ ધરવાની પણ તૈયારી કરવામાં આવી છે.રાજ્યના તમામ જિલ્લાઓમાં કંટ્રોલ રૂમ ૨૪ કલાક કાર્યરત રાખવામાં આવ્યા છે. કોઈપણ આપત્તિની સ્થિતિમાં નાગરિકો ૧૦૭ અથવા ૧૦૮ જેવા ઈમરજન્સી નંબર પર સંપર્ક કરી શકે છે. નીચાણવાળા ગામોના લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવા માટે શેલ્ટર હોમ તૈયાર કરવામાં આવ્યા છે, જ્યાં ભોજન, પીવાનું પાણી, દવાઓ અને અન્ય જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ રાખવામાં આવી છે. સિંચાઈ વિભાગ દ્વારા સરદાર સરોવર, ઉકાઈ, કરજણ, દમણગંગા અને શેત્રુંજી જેવા મોટા ડેમોની સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. જો પાણી છોડવાની જરૂર પડશે તો અસરગ્રસ્ત વિસ્તારોના લોકોને અગાઉથી જાણ કરવામાં આવશે. વીજ કંપનીઓને પણ વરસાદ દરમિયાન વીજ પુરવઠો ઝડપથી પુનઃસ્થાપિત કરવા માટે સૂચના આપવામાં આવી છે. આરોગ્ય વિભાગે સંભવિત પૂર બાદ ફાટી નીકળતા રોગચાળાને ધ્યાનમાં રાખીને દવાઓનો પૂરતો જથ્થો તૈયાર રાખ્યો છે તેમજ મોબાઈલ મેડિકલ ટીમો પણ તૈયાર રાખવામાં આવી છે. શિક્ષણ વિભાગે ભારે વરસાદવાળા જિલ્લાઓમાં શાળા અને કોલેજોમાં રજા જાહેર કરવાનો નિર્ણય સ્થાનિક કલેક્ટરો પર છોડ્યો છે. સરકારની તૈયારીઓ જેટલી મહત્વપૂર્ણ છે, એટલી જ જરૂરી નાગરિકોની સાવચેતી પણ છે. લોકોએ હવામાન વિભાગની સત્તાવાર આગાહીઓ પર વિશ્વાસ રાખવો જોઈએ અને અફવાઓથી દૂર રહેવું જોઈએ. બિનજરૂરી રીતે ઘરની બહાર નીકળવાનું ટાળવું જોઈએ, ખાસ કરીને નદી, નાળા, ડેમ અથવા તળાવની આસપાસ જવાનું ટાળવું જોઈએ. ભારે વરસાદ દરમિયાન વીજળીના થાંભલા, ખુલ્લા વાયર અને જર્જરિત મકાનોથી દૂર રહેવું જરૂરી છે. નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોએ અગત્યના દસ્તાવેજો, જરૂરી દવાઓ, ટોર્ચ, મોબાઈલ ચાર્જર, પાવર બેંક, સૂકો નાસ્તો અને પીવાનું પાણી અગાઉથી તૈયાર રાખવું જોઈએ. ખેડૂતોએ ભારે વરસાદ દરમિયાન ખેતરમાં જવાનું ટાળવું જોઈએ અને પોતાના પશુધનને સુરક્ષિત તથા ઊંચાણવાળા સ્થળે રાખવું જોઈએ. વાહનચાલકોએ પાણી ભરાયેલા રસ્તાઓ પરથી વાહન ચલાવવાનું ટાળવું જોઈએ, કારણ કે પાણીની ઊંડાઈ અને પ્રવાહનો અંદાજ લગાવવો મુશ્કેલ હોય છે. જો ઘરમાં પાણી પ્રવેશી જાય તો તરત જ વીજળીનો મુખ્ય સ્વીચ બંધ કરી દેવો જોઈએ અને સલામત સ્થળે જવું જોઈએ. બાળકો અને વૃધ્ધોનું ખાસ ધ્યાન રાખવું તેમજ પીવાનું પાણી ઉકાળીને પીવું જરૂરી છે જેથી પાણીજન્ય રોગોથી બચી શકાય. કોઈપણ ઈમરજન્સીમાં ગભરાવાને બદલે તંત્રનો સંપર્ક કરવો અને જરૂરિયાતમંદ લોકોને મદદ કરવી એ દરેક નાગરિકની જવાબદારી છે. વરસાદ કૃષિ અને જીવન માટે આશીર્વાદ સમાન છે, પરંતુ જ્યારે તે અતિશય સ્વરૂપ ધારણ કરે છે ત્યારે કુદરતી આપત્તિમાં ફેરવાઈ શકે છે. આવી સ્થિતિમાં ડરવાને બદલે સાવચેતી, યોગ્ય આયોજન અને સત્તાવાર સૂચનાઓનું પાલન કરવું સૌથી મહત્વપૂર્ણ છે. હવામાન વિભાગની આગાહી, સરકારની સજ્જતા અને નાગરિકોની જાગૃતિ આ ત્રણેયનો સમન્વય જ સંભવિત નુકસાનને ઘટાડવામાં મદદરૂપ બનશે. પ્રકૃતિને રોકી શકાતી નથી, પરંતુ સમજદારી અને પૂર્વ તૈયારી દ્વારા તેના પ્રભાવને ચોક્કસપણે ઓછો કરી શકાય છે.

**ધોધમાર વરસાદના પ્રારંભ સાથે ગુજરાતમાં જે આફત આવી રહી છે તને અટકાવી શકાય તેમ નથી પરંતુ બચાવને રાહતના સમયસર પગલાં ચોક્કસ લઈ શકાય છે આ બાબતમાં દરેક માનવી જો જાગૃત બને અને સમયસર ચાંપતા પગલાં લે તો આફત ચોક્કસ હળવી બની**

## શબ્દ સંજોગ-૨૨૪૧



**આડી ચાવી :**
(૧) અંદરનું,હૃદયનું (૪)
(૪) ભાર ભરવાનું વાહન (૪)
(૬) દહીં પરની મલાઈની પોપડી (૨)
(૭) મનની ઈચ્છા (૩)
(૮) ઝડપ,ગતિ (૪)
(૧૦) બોલો,બાગી ....! (૩)
(૧૨) ઘટતી કિંમત કરવીતે (૩)
(૧૩) ... મણ સોનું ને અર્ધો મણ રૂપું (૨)
(૧૪) હાલત,સ્થિતિ (૨)
(૧૭) પેટમાનું મોટું આંતરડું (૨)
(૨૦) ભાષાના વર્ણો લખવાની રીત (૨)
(૨૨) સ્વામી,માલિક (૨)
(૨૪) હંમેશા (૩)
(૨૫) પાણી,જળ (૨)
(૨૬) બાજુ,પક્ષ (૪)
(૨૮) પાણીમાં રહેતો એક જીવડો (૨)
(૨૯) લાગ,ગોઠવણ (૨)
(૩૦) સૂર્ય,સૂરજ (૨)

**ઉભી ચાવી :**
(૧) પેટમાંના અન્ન રસને પચાવી મળને બહાર કાઢનાર નળના આકારનો અવયવ (૪)
(૨) ભણી,બાજુ (૩)
(૩) કમ્મર,કેડ (૩)
(૪) બોલી,વાણી (૨)
(૫) ખેતર સુધારવા માટે તેમાં નખાતો રસાયણી પદાર્થ (૩)
(૯) એક દેશ (૪)
(૧૦) એક પેટા ઋતુ (૩)
(૧૧) તરજ,ગાવાની ઢબ (૨)
(૧૨) કોઈપણ વસ્તુનો એક ભાગ (૨)
(૧૫) એક છંદ (૩)
(૧૬) પરાપૂર્વ થી ચાલ્યું આવતું (૪)
(૧૮) ગુણથી ગવાયેલું ભાણું (૪)
(૧૯) સારવાર,સંભાળ (૪)
(૨૧) પીરસવું તે,પીરસેલું ભાણું (૪)
(૨૩) પડ,સ્તર (૨)
(૨૭) સાપની ફણા (૨)

## શબ્દ સંજોગ-૨૨૪૦ જવાબ

**આડી ચાવી:** (૧) ઢચુપચુ (૪) પ્રાસંગિક (૭) ગપ (૮) કાબર (૯) રથ (૧૦) ધન (૧૧) શપથ (૧૪) પર (૧૫) ડમાક (૧૭) ફરાક (૧૯) રમેશ (૨૦) ગાડી (૨૧) રદિયો (૨૪) સબ (૨૬) ગુજરડું (૨૭) દિલસોજી. **ઉભી ચાવી:** (૧) ઢગ (૨) ચુપચાપ (૩) ચુકાદો (૪) પ્રારબ્દ (૫) ગિરધર (૬) કથન (૧૧) શરાક (૧૨) થડક (૧૩) ઉકરડી (૧૪) પરાશર (૧૬) ખેપિયો (૧૮) રાશી (૨૦) ગાબડું (૨૨) દિલાસો (૨૩) પંગુ (૨૪) સર (૨૫) આદિ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૪૭૫ | ૧૯૪૩ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૦૧ |
| જુવાર સફેદ | ૧૦૮૦ | ૧૩૦૧ |
| જુવાર પીળી | ૪૭૦ | ૫૩૮ |
| બાજરી | ૩૯૩ | ૫૬૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ચણા પીળા | ૧૦૮૫ | ૧૨૪૫ |
| ચણા સફેદ | ૧૦૭૦ | ૧૮૦૦ |
| અડદ | ૧૫૦૦ | ૧૯૪૫ |
| મગ | ૧૧૫૦ | ૧૬૬૦ |
| વાલ દેશી | ૬૫૦ | ૧૨૫૪ |
| ચોળી | ૧૦૯૦ | ૧૬૧૬ |
| વટાણા | ૬૦૦ | ૮૯૦ |
| કળથી | ૪૫૦ | ૫૬૦ |
| રાજમા | ૧૭૪૧ | ૨૨૧૪ |
| સીંગદાણા | ૧૮૦૦ | ૨૨૫૫ |
| મગફળી જાડી | ૧૨૨૫ | ૧૬૫૮ |
| મગફળી જીણી | ૧૨૧૦ | ૧૫૪૦ |
| તલી | ૧૭૫૦ | ૨૫૬૦ |
| સુરજમુખી | ૧૨૪૮ | ૧૨૪૮ |
| એરંડા | ૧૩૨૫ | ૧૪૦૯ |
| અજમો | ૯૦૧ | ૨૧૭૦ |
| સુવા | ૧૪૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૩૩૫ |
| સીંગફાડા | ૧૫૧૦ | ૧૮૨૦ |
| કાળા તલ | ૨૫૨૫ | ૩૭૩૧ |
| લસણ | ૧૦૭૦ | ૨૩૦૦ |
| ધાણા | ૨૪૨૫ | ૨૯૫૦ |
| ધાણી | ૨૪૭૫ | ૩૦૦૦ |
| વરીયાળી | ૧૫૪૦ | ૨૦૩૦ |
| જીરૂ | ૩૩૭૫ | ૪૦૫૦ |
| રાય | ૧૩૨૦ | ૧૯૧૫ |
| મેથી | ૯૫૦ | ૧૮૪૦ |
| ઇસબગુલ | ૧૦૨૫ | ૧૨૫૧ |
| અશેરીયો | ૯૦૦ | ૯૦૦ |
| કલોંજી | ૩૦૭૫ | ૩૭૩૯ |
| રાયડો | ૧૨૩૦ | ૧૫૧૪ |
| રજકાનું બી | ૮૦૦૦ | ૧૧૩૩૦ |
| ગુવારનું બી | ૧૦૦૦ | ૧૧૦૦ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| લીંબુ | ૩૫૮ | ૭૨૨ |
| પપૈયા | ૨૧૫ | ૪૦૭ |
| બટેટા | ૯૪ | ૩૦૯ |
| ડુંગળી સુકી | ૧૩૧ | ૪૪૧ |
| ટમેટા | ૨૬૯ | ૫૦૯ |
| સુરણ | ૬૧૮ | ૮૨૭ |
| કોથમરી | ૪૮૫ | ૧૦૨૭ |
| રીંગણા | ૬૫ | ૧૪૧ |
| કોબીજ | ૨૦૭ | ૪૮૦ |
| ફ્લાવર | ૩૩૨ | ૭૧૨ |
| ભીંડો | ૩૮૩ | ૮૯૧ |
| ગુવાર | ૬૫૨ | ૧૩૯૪ |
| ચોળાસીંગ | ૬૮૬ | ૧૨૨૫ |
| ટીંડોળા | ૩૨૧ | ૭૩૬ |
| દુધી | ૩૦૭ | ૭૬૬ |
| કારેલા | ૨૯૩ | ૫૮૮ |
| સરગવો | ૬૧૧ | ૧૨૨૭ |
| તુરીયા | ૪૮૧ | ૯૧૩ |
| પરવર | ૭૧૪ | ૯૮૬ |
| કાકડી | ૩૨૬ | ૯૮૧ |
| ગાજર | ૩૧૮ | ૫૨૬ |
| વટાણા | ૧૬૬૨ | ૨૭૨૭ |
| ગલકા | ૪૦૩ | ૬૮૭ |
| બીટ | ૩૧૧ | ૫૦૭ |
| મેથી | ૮૧૧ | ૧૨૨૩ |
| ડુંગળી લીલી | ૮૨૩ | ૧૨૨૬ |
| આદુ | ૧૪૨૧ | ૨૬૦૧ |
| મરચા લીલા | ૬૧૮ | ૯૨૧ |
| મકાઇ લીલી | ૨૦૨ | ૪૧૩ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૩૧ | ૧૮૨૧ |
| ઘઉં લોકવન | ૫૧૮ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૪૯૨ | ૫૯૦ |
| મગફળી જીણી | ૧૧૩૧ | ૧૫૭૧ |
| સિંગદાણા જાડા | ૧૫૦૧ | ૨૦૦૧ |
| સિંગ ફાડીયા | ૧૨૦૧ | ૧૭૦૧ |
| એરંડા / એરંડી | ૧૨૬૧ | ૧૩૮૬ |
| તલ લાલ | ૨૪૬૧ | ૨૫૦૧ |
| જીરૂ | ૨૧૦૧ | ૪૦૩૧ |
| ધાણા | ૨૪૦૧ | ૩૦૮૧ |
| લસણ સુકું | ૧૦૦૧ | ૨૪૬૧ |
| ડુંગળી લાલ | ૧૪૧ | ૫૩૧ |
| અડદ | ૫૦૦ | ૧૮૮૧ |
| મઠ | ૬૫૧ | ૬૫૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૫૮૧ |
| રાય | ૧૩૭૧ | ૧૪૭૧ |
| મેથી | ૧૩૬૧ | ૧૪૮૧ |
| ગુવાર બી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| મગફળી જાડી | ૧૧૫૧ | ૧૭૧૬ |
| તલ - તલી | ૧૯૭૬ | ૨૬૫૧ |
| ધાણી | ૨૫૦૧ | ૩૧૩૧ |
| બાજરો | ૨૦૦ | ૩૫૧ |
| જુવાર | ૪૫૧ | ૧૨૦૧ |
| મકાઇ | ૪૫૧ | ૪૫૧ |
| મગ | ૧૦૫૧ | ૧૭૨૧ |
| વાલ | ૬૦૧ | ૧૦૩૧ |
| ચોળા / ચોળી | ૮૦૧ | ૧૧૨૧ |
| સોયાબીન | ૧૦૮૧ | ૧૩૪૧ |
| ગોગળી | ૭૦૧ | ૧૩૩૧ |
| વટાણા | ૪૦૧ | ૮૭૧ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૧૮૦ | ૬૦૦ |
| મરચા | ૧૮૦ | ૧૬૦૦ |
| ગુવાર | ૧૮૦ | ૨૦૦૦ |
| કોબી | ૨૦૦ | ૬૦૦ |
| દુધી | ૨૦૦ | ૭૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૨૦૦ | ૧૦૦૦ |
| રીંગણા | ૩૦ | ૨૪૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૨૦૦ | ૬૦૦ |
| ગાજર | ૧૮૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૧૮૦ | ૮૦૦ |
| વાલ | ૧૦૦૦ | ૨૪૦૦ |
| વટાણા | ૨૪૦૦ | ૨૮૦૦ |
| બટેટા | ૧૩૦ | ૨૬૦ |
| ડુંગળી પુરા | ૪ | ૧૦ |
| તાંજરીયા પુરા | ૩ | ૮ |
| કોથમીર પુરા | ૬ | ૧૦ |
| કાચા કેળા | ૧૦૦ | ૩૦૦ |
| પરવર | ૯૮૦ | ૧૨૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૭૦૦ |
| મેથી પુરા | ૩ | ૧૨ |
| બીટ પુરા | ૧૦ | ૨૦ |
| સરગવો પુરા | ૪૦ | ૬૦ |
| ચોરા | ૨૦૦ | ૧૪૦૦ |
| કારેલા | ૨૦૦ | ૮૦૦ |
| વાલોર | ૨૦૦ | ૧૬૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૪૦૦ |
| આદુ | ૨૦૦ | ૨૮૦૦ |
| મકાઈ ડોડા | ૧૮૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૨ | ૭ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મોટી | ૯૦૦ | ૧૩૪૦ |
| શિંગદાણા ફાડા | ૧૬૫૦ | ૨૧૧૦ |
| તલ સફેદ | ૨૦૭૦ | ૨૫૯૫ |
| તલ કાળા | ૨૩૦૦ | ૩૮૭૦ |
| તલ કાશમીરી | ૨૪૪૦ | ૨૪૪૦ |
| બાજરો | ૩૫૦ | ૪૭૦ |
| જુવાર | ૩૬૫ | ૧૨૯૦ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૬૫ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૫૫ |
| મગ | ૧૪૪૦ | ૧૬૦૦ |
| ચણા | ૯૬૦ | ૧૨૫૫ |
| સફેદ ચણા | ૧૦૮૦ | ૧૨૨૦ |
| તુવેર | ૧૧૦૫ | ૧૪૫૫ |
| કપાસ | ૧૦૦૫ | ૧૯૭૫ |
| એરંડા | ૧૦૮૦ | ૧૩૦૦ |
| જીરૂ | ૩૮૦૦ | ૩૮૦૦ |
| ધાણી | ૨૬૮૫ | ૩૦૫૫ |
| સોયાબીન | ૧૩૧૫ | ૧૩૮૫ |
| રજકાનું બી | ૮૭૦૦ | ૮૭૦૦ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૧૮૦ | ૨૬૦ |
| રીંગણા | ૧૫૦ | ૩૭૦ |
| ફ્લાવર | ૭૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૩૫૦ | ૪૪૦ |
| ટમેટાં | ૫૦૦ | ૭૦૦ |
| સુરણ | ૮૦૦ | ૯૫૦ |
| ગાજર | ૬૨૦ | ૭૨૦ |
| દુધી | ૪૦૦ | ૫૦૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૭૦૦ | ૮૦૦ |
| કાકડી | ૪૨૦ | ૮૦૦ |
| ગુવાર | ૧૪૦૦ | ૧૮૦૦ |
| ચીભડા | ૬૦૦ | ૧૨૨૦ |
| વટાણા | ૨૮૯૦ | ૩૦૨૦ |
| ચોળા લીલા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| તુરીયા | ૭૦૦ | ૯૦૦ |
| ભીંડો | ૮૨૦ | ૯૩૦ |
| આદુ | ૧૬૦૦ | ૨૬૦૦ |
| કોથમીર | ૭૦૦ | ૧૩૦૦ |
| મેથીભાજી | ૭૨૦ | ૧૨૦૦ |
| ફોદીનો | ૮૦૦ | ૯૦૦ |
| ટીંડોરા | ૭૦૦ | ૮૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| સરગવો | ૯૦૦ | ૧૦૦૦ |
| લીમડો મીઠો | ૧૭૦ | ૧૯૦ |
| મરચાં લીલાં | ૬૦૦ | ૧૧૦૦ |
| ડુંગળી લીલી | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ડુંગળી સુકી | ૪૬૦ | ૫૪૦ |
| લસણ સુકું | ૧૪૦૦ | ૨૪૦૦ |
| પાલક | ૭૦૦ | ૮૦૦ |
| લીબુ | ૩૨૦ | ૪૫૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગ દાણા | ૧૮૨૦ | ૨૨૩૦ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૪૭૦ |
| તલ કાળા | ૩૧૫૦ | ૩૭૦૦ |
| કપાસ | ૧૬૦૦ | ૧૮૨૫ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૬૦ |
| બાજરો | ૪૫૦ | ૫૦૦ |
| મગ | ૧૪૫૦ | ૧૫૨૬ |
| ચણા | ૧૧૫૦ | ૧૨૨૫ |
| તુવેર | ૧૪૦૦ | ૧૫૦૦ |
| એરડી | ૧૨૭૫ | ૧૩૨૫ |
| ધાણા | ૨૨૦૦ | ૨૬૦૦ |

**ધારી**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૫૭૦ | ૧૫૭૦ |
| શીંગદાણા | ૧૮૦૦ | ૨૦૦૦ |

**બગસરા**

| | | |
|---|---|---|
| મગફળી | ૭૦૦ | ૧૧૬૦ |
| ઘઉ લોકવન | ૪૮૨ | ૫૦૩ |
| જુવાર | ૭૩૫ | ૭૩૫ |
| ઘઉ ટુકડા | ૪૮૨ | ૫૦૭ |
| તુવેર | ૮૦૦ | ૧૪૨૨ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૨૦૦ |
| શીંગદાણા | ૧૬૨૫ | ૧૯૬૫ |
| સોયાબીન | ૧૩૨૨ | ૧૩૪૨ |
| ચણા | ૧૧૬૦ | ૧૨૨૪ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૪૦૦ |
| ચણા સફેદ | ૯૦૫ | ૧૧૦૫ |
| મગ | ૧૦૧૦ | ૧૦૧૦ |
| લસણ | ૧૨૦૦ | ૧૨૦૦ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૭૪૧ |
| ઘઉં | ૪૦૧ | ૫૩૦ |
| મગ | ૧૩૦૧ | ૧૩૦૧ |
| ચણા | ૮૦૧ | ૧૨૦૧ |
| વાલ | ૫૦૦ | ૫૦૦ |
| ચોળી | ૭૦૦ | ૭૦૦ |
| અડદ | ૧૫૪૧ | ૧૫૪૧ |
| તુવેર | ૭૫૧ | ૧૪૬૧ |
| મગફળી | ૬૨૬ | ૧૧૦૦ |
| શિંગ દાણા | ૧૫૦૦ | ૧૯૪૬ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૨૩૯૧ |
| ધાણા | ૨૦૦૧ | ૨૯૪૧ |
| સોયાબીન | ૧૦૦૧ | ૧૩૧૧ |

**મહુવા**

| | | |
|---|---|---|
| એરંડા | ૧૩૩૦ | ૧૩૩૦ |
| જુવાર | ૧૦૧૦ | ૧૧૪૮ |
| બાજરી | ૪૧૯ | ૫૦૮ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૮૦ |
| મગ | ૧૫૧૯ | ૧૫૧૯ |
| ધાણા | ૩૦૫૦ | ૩૦૫૦ |
| ચણા | ૧૨૦૦ | ૧૨૦૮ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૪૧૩ |
| તલ કાળા | ૧૦૦૧ | ૩૪૭૧ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૫૦૦ |
| ડુંગળી લાલ | ૮૦ | ૫૫૬ |
| ડુંગળી સફેદ | ૧૭૯ | ૩૬૫ |
| નાળીયેર | ૩૧૦ | ૨૬૦૦ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૯૧૧ | ૧૪૧૪ |
| બાજરી હાઈબ્રીડ | ૪૨૫ | ૫૧૯ |
| ઘઉં | ૪૭૦ | ૫૮૩ |
| જુવાર | ૯૦૦ | ૧૧૪૦ |
| અડદ | ૧૮૫૦ | ૧૯૪૯ |
| મગ | ૧૩૫૦ | ૧૯૬૭ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૦૬ |
| સફેદ તલ | ૧૮૦૦ | ૨૫૫૦ |
| કાળા તલ | ૨૫૦૦ | ૩૭૪૦ |
| સોયાબીન | ૧૩૦૦ | ૧૩૮૦ |
| સીંગદાણા | ૧૭૦૦ | ૨૦૭૮ |

**જામનગર**

| | | |
|---|---|---|
| જુવાર | ૧૦૦૦ | ૧૨૯૫ |
| બાજરી | ૩૭૦ | ૩૯૫ |
| ઘઉં | ૪૫૦ | ૫૩૫ |
| મગ | ૧૩૯૦ | ૧૬૬૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૬૫૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ચોળી | ૧૨૫૦ | ૧૩૧૫ |
| મેથી | ૧૦૦૦ | ૧૨૯૦ |
| ચણા | ૧૧૪૬ | ૧૨૫૩ |
| ચણા સફેદ | ૧૧૩૫ | ૧૬૦૦ |
| મગફળી જીણી | ૧૨૦૦ | ૧૪૫૦ |
| તલી | ૧૬૦૦ | ૨૪૬૫ |
| તલ કાળા | ૨૦૧૦ | ૩૧૦૦ |
| રાયડો | ૧૩૦૦ | ૧૪૯૦ |
| લસણ | ૮૦૦ | ૨૧૦૦ |
| કપાસ | ૧૭૦૦ | ૧૭૬૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૯૬૫ |
| અજમો | ૨૦૦૦ | ૩૭૯૦ |
| અજમા ની ભૂસી | ૩૦ | ૨૮૦૦ |
| ધાણા - ધાણી | ૨૩૦૦ | ૩૦૦૫ |
| ડુંગળી સૂકી | ૧૫૦ | ૬૩૦ |
| શીંગદાણા | ૧૪૫૦ | ૨૦૦૦ |
| વટાણા | ૨૫૦ | ૫૩૫ |
| કલોંજી | ૩૫૪૫ | ૩૬૪૫ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીંગ | ૧૨૫૦ | ૧૨૫૦ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૬૬૨ |
| તલ કાળા | ૩૨૦૦ | ૩૨૦૦ |
| બાજરો | ૪૫૦ | ૫૧૫ |
| ઘઉં ટુકડા | ૪૨૧ | ૫૩૫ |
| જુવાર | ૭૧૧ | ૧૨૨૨ |
| તુવેર | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૨૧ |
| એરંડી | ૧૧૬૦ | ૧૧૬૦ |
| સોયાબીન | ૧૩૫૦ | ૧૩૫૦ |
| ચોળી | ૧૧૦૦ | ૧૧૦૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# વિશ્વ હેપેટાઈટિસ દિવસ નિમિત્તે અમરેલી જિલ્લામાં જાગૃતિ કાર્યક્રમો યોજાયા

**શાંતાબા મેડિકલ કોલેજ અને નર્સિંગ સંસ્થાઓમાં હેપેટાઈટિસ અંગે જનજાગૃતિ**

અમરેલી,તા.૩૧

વિશ્વ હેપેટાઈટિસ દિવસ નિમિત્તે શાંતબા મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ, અમરેલી દ્વારા જિલ્લામાં વિવિધ જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તેમજ રાષ્ટ્રીય વાયરલ હેપેટાઈટિસ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત ૨૧ થી ૨૮ જુલાઈ દરમિયાન હેપેટાઈટિસ અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવા માટે વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ હતી. કાર્યક્રમોમાં હેપેટાઈટિસના પ્રકારો, તેના સંક્રમણના માર્ગો, બચાવના ઉપાયો, સમયસર તપાસ અને યોગ્ય સારવાર અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. નર્સિંગ વિદ્યાર્થીઓ અને આરોગ્ય કર્મચારીઓ માટે વિશેષ તાલીમ સત્રોનું પણ આયોજન



કરવામાં આવ્યું હતું, જેમાં નીડલ સ્ટિક ઈન્જરી પ્રિવેન્શન, સેફ ઈન્જેક્શન પ્રેક્ટિસ તેમજ સ્ટાન્ડર્ડ ઈન્ફેક્શન પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ પ્રેક્ટિસ અંગે માર્ગદર્શન અપાયું હતું. નિષ્ણાત તબીબોએ જણાવ્યું કે હેપેટાઈટિસનું સમયસર નિદાન અને સારવાર થવાથી ગંભીર જટિલતાઓથી બચી શકાય છે. આર.ટી. સેન્ટર તથા એન.વી.એચ.સી.પી. સારવાર કેન્દ્ર ખાતે હેપેટાઈટિસ બી અને સી માટે નિઃશુલ્ક તપાસ, નિદાન, સારવાર, દવાઓ અને પરામર્શ સેવાઓ ઉપલબ્ધ છે. નાગરિકોને કોઈપણ લક્ષણ જણાય તો નજીકની સરકારી આરોગ્ય સંસ્થામાં સમયસર તપાસ કરાવવાની અપીલ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ લોકોને હેપેટાઈટિસ અંગે જાગૃત બનાવી સ્વસ્થ સમાજના નિર્માણમાં સહભાગી બનાવવાનો રહ્યો હતો.

# રાજુલા એસ.ટી ડેપોમાં તંત્રના ધાંધિયાથી મુસાફરો પરેશાન

રાજુલા,તા.૩૧

રાજુલા એસટી ડેપો ઘણા સમયથી રામ ભરોસે ચાલતો હોય તેવું મુસાફરો માની રહ્યા છે. થોડા સમય પહેલા રાજુલાથી ઓખાની બસ અધિકારીઓ દ્વારા મનસ્વી રીતે બંધ કરવામાં આવી હતી અને હજારો રૂપિયાની નુકસાની કરી હતી. આજે રાજુલાથી બપોરના ૧૨:૦૦ કલાકે ઉપડતી રાજુલા-કૃષ્ણનગર જે પ્લેટફોર્મ પર ૧૧:૪૫ એ લગાવવામાં આવેલી પરંતુ ૧૨.૪૫ મિનિટ સુધી આ ગાડી પ્લેટફોર્મ પર પડી રહી અને પેસેન્જરો હેરાન થયા ત્યારે અંતે કંડકટર વગર આ બસ રવાના કરવામાં આવી હતી. જ્યાં જ્યાં ડેપો આવે ત્યાં ડ્રાઈવરને કહેવામાં આવ્યું કે બુકિંગ કરી અને આગળ ચલાવી તો હવે પેસેન્જરો સમયે પહોંચશે કે કેમ તે જ મોટી વાત છે? આથી પેસેન્જરો પ્રશ્ન પૂછી રહ્યા છે કે, ડેપોમાં કોઈ જવાબદાર વ્યક્તિ છે કે કેમ, કોઈ અધિકારીઓ કેમ કંઈ જવાબ આપતા નથી? રાજુલાથી ઓખા, ભાવનગર, રાજકોટ બસ વારંવાર બંધ કરવામાં આવે છે ત્યારે આની પાછળનું મૂળભૂત કારણ શું તે પણ જાણવા મળતું નથી ! રાજુલાના અગ્રણીઓ કહી રહ્યા છે ત્યારે ધારાસભ્ય કેમ મૌન છે! રાજુલાના ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ તેમજ વેપારી અગ્રણીઓ શા માટે મૌન છે તેવા પ્રશ્નો પણ ઉઠ્યા છે.

# દામનગરમાં ગાયત્રી મંદિરે નેત્રયજ્ઞ અને સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

દામનગર,તા.૩૧

દામનગર શહેરના શક્તિપીઠ ગાયત્રી મંદિર ખાતે સિનિયર સિટીઝન ટ્રસ્ટ અને ભુરખિયા હનુમાનજી ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે નિઃશુલ્ક નેત્રયજ્ઞ તથા સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો હતો. કેમ્પમાં મોતિયાના ઓપરેશન, નેત્રમણી આરોપણ, દવા, ચશ્મા, ટીપાં તેમજ રહેવા-જમવાની નિઃશુલ્ક સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. રાજકોટની સંત રણછોડદાસ બાપુ ટ્રસ્ટ હોસ્પિટલની તબીબી ટીમે સેવા




આપી હતી. અમરેલી જિલ્લા પંચાયત સંચાલિત આયુર્વેદ દવાખાનાના ડો. મનીષભાઈ જેઠવાએ પણ સારવાર આપી હતી. રાજેશભાઈ નારોલા પરિવાર દ્વારા દર્દીઓને અલ્પાહારની સેવા આપવામાં આવી હતી.

# લીલીયામાં રેતી ચોરી સામે તંત્રની મોટી કાર્યવાહી, પાંચ ડમ્પર ઝડપાયા

**પુતળિયા નજીક શેત્રુંજી નદીમાંથી ગેરકાયદેસર રેતી લઈ જતા વાહનો પકડાયા**

અમરેલી,તા.૩૧

લીલીયા તાલુકામાં મોડી રાત્રે ઈન્ચાર્જ મામલતદાર આશિષ ગોસાઈની આગેવાની હેઠળ રેતી ચોરી કરતા તત્વો સામે તંત્રએ મોટી કાર્યવાહી હાથ ધરી હતી.



પુતળિયા ગામ નજીક શેત્રુંજી નદીના પટમાંથી ગેરકાયદેસર રીતે રેતી ભરીને લઈ જતા પાંચ ડમ્પરોને ઝડપી લેવામાં આવ્યા હતા. જિલ્લા કલેક્ટરની સૂચના બાદ ખાણ-ખનીજ વિભાગ, વહીવટી તંત્ર અને પોલીસ દ્વારા સંયુક્ત કાર્યવાહી કરવામાં આવી હતી. જિલ્લામાં સતત મળતી રેતી ચોરીની ફરિયાદોને ધ્યાનમાં રાખીને અલગ અલગ ટીમો બનાવી દરોડા પાડવામાં આવ્યા હતા. કાર્યવાહી દરમિયાન કેટલાક શખ્સોએ ભાગવાનો પ્રયાસ કર્યો હતો, જ્યારે ડમ્પરોનો પીછો કરીને તેમને કબજે લેવામાં આવ્યા હતા. આ કાર્યવાહી બાદ રેતી ચોરી કરતા તત્વોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

# સાવરકુંડલાની ઘેલાણી મહિલા આર્ટસ કોલેજમાં 'પ્રેમચંદ જયંતી'ની ઉજવણી

સાવરકુંડલા,તા.૩૧

સાવરકુંડલાની વી.ડી. ઘેલાણી મહિલા આર્ટસ કોલેજમાં કથા સમ્રાટ મુનશી પ્રેમચંદજીની જયંતી નિમિત્તે વિવિધ સ્પર્ધા અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૧ વિદ્યાર્થીનીઓએ પ્રેમચંદજીના સાહિત્યમાં નારી ચેતના, ગ્રામીણ જીવન, ખેડૂતોની વેદના અને સામાજિક સુધારણા જેવા વિષયો પર વક્તવ્ય રજૂ કર્યું હતું. પ્રેમચંદજીની વાર્તાઓ અને પાત્રોને જીવંત કરતી આ સ્પર્ધામાં ૧૪ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમઃ આંબલીયા જ્યોત્સના અને દેવમુરારી હિરલ, દ્વિતીય ક્રમઃ સમા મુસ્કાન અને પઠાણ માહેનૂર અને તૃતીય ક્રમઃ મકવાણા દિપાલીએ મેળવ્યો હતો. T.Y.B.A. હિન્દી વિભાગની વિદ્યાર્થીનીઓ દ્વારા નૃત્યગીત રજૂ કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્યએ જણાવ્યું કે, 'મુનશી પ્રેમચંદજીની નવલકથાઓ અને વાર્તાઓમાં સામાજિક દૂષણોનું વાસ્તવિક ચિત્રણ જોવા મળે છે, જે આજે પણ એટલું જ પ્રાસંગિક છે.

# ઉર્જામંત્રી કૌશિક વેકરીયાએ વડીયા-કુંકાવાવની મુલાકાત લઈ ૫૧૦૦૦ વૃક્ષ વાવવાનો સંકલ્પ કર્યો

**ભારે વરસાદથી છલકાયેલા તળાવોની મુલાકાત લઈ નવા નીરના વધામણા કર્યા**

અમરેલી,તા.૩૧

રાજ્યના ઊર્જા મંત્રી કૌશિકભાઈ વેકરિયાએ અમરેલી જિલ્લાના કુંકાવાવ-વડિયા પંથકના ૧૫ ગામોની મુલાકાત લઈ ભારે વરસાદથી છલકાયેલા તળાવોના નીરના વધામણાં કર્યા હતા.



તેમણે જણાવ્યું કે અમરેલી વિધાનસભા વિસ્તારના ૧૧૫ ગામોમાં તળાવો ઊંડા કરવાની કામગીરીના પરિણામે પાણીનો સારો સંગ્રહ થયો છે, જેનાથી આગામી સમયમાં ખેડૂતોને સિંચાઈ માટે લાભ મળશે. આ દરમિયાન વડિયામાં ૨,૦૦૦ તેમજ સમગ્ર અમરેલી વિધાનસભા વિસ્તારમાં ૫૧,૦૦૦ વૃક્ષો વાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

તેમણે પર્યાવરણ સંરક્ષણ માટે વધુમાં વધુ વૃક્ષારોપણ કરવા અપીલ કરી હતી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'એક પેડ મા કે નામ' અભિયાનમાં જોડાઈ દરેક નાગરિકને ઓછામાં ઓછું એક વૃક્ષ વાવી તેની સંભાળ રાખવા અનુરોધ કર્યો હતો.

# રાજુલાના દાતરડીમાં બાયો-ડીઝલ પંપ પર પોલીસનો દરોડા પાડતા ૩ હજાર લીટર શંકાસ્પદ જથ્થો સીલ

**જી.એસ.ટી. બિલ અને જરૂરી મંજૂરી વગર વેચાણ થતુ હોવાની આશંકા**

રાજુલા,તા.૩૧

રાજુલા વિભાગીય પોલીસ અને ડુંગર પોલીસ સ્ટેશનની ટીમે સંયુક્ત કાર્યવાહી કરીને રાજુલા તાલુકાના દાતરડી ગામ નજીક નેશનલ હાઈવે-૫૧ પર આવેલા "Ozone Safe Petro MEE My Eco Energy" ફ્યુઅલ સ્ટેશન પર દરોડો



તસવીર : ગોપાલ રાઠોડ

પાડ્યો હતો. નાયબ પોલીસ અધિક્ષક નયના ગોરડીયા અને પોલીસ ઈન્સ્પેક્ટર વી.એસ. પલાસના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયેલી કાર્યવાહીમાં કુમારસિંહ પરબતભાઈ સરવૈયા (રહે. મહુવા) દ્વારા જરૂરી મંજૂરી, જી.એસ.ટી. બિલ અને આધાર-પુરાવા વગર કથિત પેટ્રોલિયમ મિશ્રિત જ્વલનશીલ પ્રવાહીનું વેચાણ અને સંગ્રહ થતો હોવાનું સામે આવ્યું હતું. તપાસ દરમિયાન અંડરગ્રાઉન્ડ સ્ટોરેજ ટેન્કમાંથી અંદાજે ૩,૦૦૦ લીટર શંકાસ્પદ પ્રવાહી મળી આવ્યું હતું. પ્રવાહી ડીઝલ, એલ.ડી.ઓ. કે અન્ય કોઈ કેમિકલ મિશ્રિત છે તે જાણવા માટે તેના નમૂના એફએસએલમાં મોકલવાની કાર્યવાહી હાથ ધરાઈ છે. પોલીસે રૂ. ૨.૬૪ લાખનો જથ્થો જપ્ત કરીને સીલ કરી વધુ તપાસ શરૂ કરી છે.


## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૧૨૧/૨૬ તા.૨૭/૦૭/૨૦૨૬

વિવાદી :- શ્રી સવીતાબેન લવજીભાઈ રાઠોડ વા/ઓ મગનભાઈ ડાભી
રહે. સાઈનાથ પ્લોટ, લીલીયા, તા.લીલીયા, તા.અમરેલી
અરજદારશ્રીના વિ.વ.શ્રી શોભિનીબેન બી.વોરા-એડવોકેટ,
જુનુ માર્કેટયાર્ડ, સિધ્ધિવિનાયક શોપિંગ સેન્ટર, દુકાન નં.૪૧/૪૨,
તા.જિ.અમરેલી મો.૯૦૧૬૪૦૫૩૬૮

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદી :- જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી કમ મંત્રીશ્રી
મુ.દહીંથરા, તા.લાઠી, જિ.અમરેલી

-// નોટીસ //-
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.દહીંથરા ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પોતાનો સવીતાબેન લવજીભાઈ રાઠોડનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૫ ના રોજ મુ.દહીંથરા, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૨/૦૭/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૭/૦૮/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૧૨૨/૨૬ તા.૨૭/૦૭/૨૦૨૬

વિવાદી :- શ્રી મનુભાઈ ધનજીભાઈ રાજાણી,
રહે.આંસોદર, તા.લાઠી, જિ.અમરેલી
અરજદારશ્રીના વિ.વ.શ્રી શોભિનીબેન બી.વોરા-એડવોકેટ,
જુનુ માર્કેટયાર્ડ, સિધ્ધિવિનાયક શોપિંગ સેન્ટર, દુકાન નં.૪૧/૪૨,
તા.જિ.અમરેલી મો.૯૦૧૬૪૦૫૩૬૮

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદી :- જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી કમ મંત્રીશ્રી
મુ.આંસોદર, તા.લાઠી, જિ.અમરેલી

-// નોટીસ //-
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.આંસોદર ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પુત્રી અમિતાબેન મનુભાઈ રાજાણીનો જન્મ તા.૧૫/૦૪/૧૯૮૬ ના રોજ મુ.આંસોદર, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૨/૦૭/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૭/૦૮/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

જાહેર નોટીસ

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ઉના //-

અરજી નં. ૨૨૪ / ૨૦૨૬
જન્મ તારીખ : ૦૧-૦૬-૧૯૯૭

મંગાભાઈ ખોડુભાઈ બાંભણીયા,
રહે. સૈયદ રાજપરા, ગામ-સૈયદ રાજપરા, તાલુકો-ઉના,
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી જે.કે. વાઢેળ તથા એસ.એચ. સુદાણી ઉના ...........અરજદાર

-: વિરુધ્ધ :-

રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી, સૈયદ રાજપરા,
ગ્રામ પંચાયત કચેરી, સૈયદ રાજપરા, તા. ઉના, જિલ્લો-ગીર સોમનાથ
....સામાવાળા

બાબત :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી મંગાભાઈ ખોડુભાઈ બાંભણીયા, રહે. સૈયદ રાજપરા, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથવાળાએ તેમના પુત્રી મનિષાબેન મંગાભાઈ બાંભણીયાનો જન્મ તારીખ : ૦૧-૦૬-૧૯૯૭ ના રોજ ઉના તાલુકાના સૈયદ રાજપરા મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજૂ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૭/૦૭/૨૦૨૬ ના રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(ડી.કે.ભીમાણી)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
ઉના

જાહેર નોટીસ

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ઉના //-

અરજી નં. ૨૨૩ / ૨૦૨૬
જન્મ તારીખ : ૦૧-૦૧-૧૯૯૩

રાઠોડ રખમાયબેન કાળુભાઈ,
રહે. સૈયદ રાજપરા, ગામ-સૈયદ રાજપરા, તાલુકો-ઉના,
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી જે.કે. વાઢેળ તથા એસ.એચ. સુદાણી ઉના ...........અરજદાર

-: વિરુધ્ધ :-

રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી, સૈયદ રાજપરા,
ગ્રામ પંચાયત કચેરી, સૈયદ રાજપરા, તા. ઉના, જિલ્લો-ગીર સોમનાથ
....સામાવાળા

બાબત :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી રાઠોડ રખમાયબેન કાળુભાઈ, રહે. સૈયદ રાજપરા, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથવાળાએ તેમના પુત્ર જેન્તીભાઈ કાળુભાઈ રાઠોડનો જન્મ તારીખ : ૦૧-૦૧-૧૯૯૩ ના રોજ ઉના તાલુકાના સૈયદ રાજપરા મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજૂ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૭/૦૭/૨૦૨૬ ના રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(ડી.કે.ભીમાણી)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
ઉના

## તાલુકા મહે. એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ-રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં. ૨૪૮ / ૨૦૨૬

અરજદારશ્રી :- છગનભાઈ ભીખાભાઈ સીસારા
સરનામું :- મું. : વડલી, તા. રાજુલા, જી. અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી
મુ. : વડલી, તા. રાજુલા, જી. અમરેલી.

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામા આવે છે કે, અમરેલી જિલ્લાનાં રાજુલા તાલુકાનાં વડલી મુકામે ના શ્રી છગનભાઈ ભીખાભાઈ સીસારા એ તેમના માતા સ્વ. કવરબેન ભીખાભાઈ સીસારા નો મરણ તા. ૨૯/૦૩/૨૦૦૪ નાં રોજ રાજુલા તાલુકાનાં વડલી મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એસ. ડી. ધાખડા મારફત અત્રેની કોર્ટમા ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા વિલંબિત નોંધ રજીસ્ટરમા કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રી ની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામા આવશે. જેની નોંધ લેવી.

આજ રોજ તા. ૩૧ માહે ૦૭ સને ૨૦૨૬ ના રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૩૧/૦૭/૨૦૨૬

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા મહે. એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ-રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં. ૨૫૦ / ૨૦૨૬

અરજદારશ્રી :- લાલજીભાઈ મનજીભાઈ કોટડીયા
સરનામું :- મું. : ચારોડીયા, તા. રાજુલા, જી. અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી
મુ. : ચારોડીયા, તા. રાજુલા, જી. અમરેલી.

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામા આવે છે કે, અમરેલી જિલ્લાનાં રાજુલા તાલુકાનાં ચારોડીયા મુકામે ના શ્રી લાલજીભાઈ મનજીભાઈ કોટડીયા એ તેમના સંતાન પુત્રી નં. ૧ શિલ્પાબેન લાલજીભાઈ કોટડીયા નો જન્મ તા. ૦૫/૦૮/૧૯૭૯ નાં રોજ રાજુલા તાલુકાનાં ચારોડીયા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એસ. ડી. ધાખડા મારફત અત્રેની કોર્ટમા ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા વિલંબિત નોંધ રજીસ્ટરમા કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રી ની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામા આવશે. જેની નોંધ લેવી.

આજ રોજ તા. ૩૧ માહે ૦૭ સને ૨૦૨૬ ના રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૩૧/૦૭/૨૦૨૬

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા મહે. એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ-રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં. ૨૫૧ / ૨૦૨૬

અરજદારશ્રી :- વિઠ્ઠલભાઈ જુઠાભાઈ કોટડીયા
સરનામું :- મું. : ચારોડીયા, તા. રાજુલા, જી. અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી
મુ. : ધારેશ્વર, તા. રાજુલા, જી. અમરેલી.

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામા આવે છે કે, અમરેલી જિલ્લાનાં રાજુલા તાલુકાનાં ચારોડીયા મુકામે ના શ્રી વિઠ્ઠલભાઈ જુઠાભાઈ કોટડીયા એ તેમના પૌત્રી અને તેમના પુત્ર શૈલેષભાઈ ના સંતાન પુત્રી નં. ૧ કોટડીયા બંસરીબેન શૈલેષભાઈ નો જન્મ તા. ૨૮/૦૧/૧૯૯૯ નાં રોજ રાજુલા તાલુકાનાં ધારેશ્વર મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એસ. ડી. ધાખડા મારફત અત્રેની કોર્ટમા ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા વિલંબિત નોંધ રજીસ્ટરમા કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રી ની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામા આવશે. જેની નોંધ લેવી.

આજ રોજ તા. ૩૧ માહે ૦૭ સને ૨૦૨૬ ના રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૩૧/૦૭/૨૦૨૬

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા મહે. એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ-રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં. ૨૪૯ / ૨૦૨૬

અરજદારશ્રી :- વિઠ્ઠલભાઈ જુઠાભાઈ કોટડીયા
સરનામું :- મું. : ચારોડીયા, તા. રાજુલા, જી. અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી
મુ. : ચારોડીયા, તા. રાજુલા, જી. અમરેલી.

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામા આવે છે કે, અમરેલી જિલ્લાનાં રાજુલા તાલુકાનાં ચારોડીયા મુકામે ના શ્રી વિઠ્ઠલભાઈ જુઠાભાઈ કોટડીયા એ તેમના પૌત્રી અને તેમના પુત્ર શૈલેષભાઈ ના સંતાન પુત્રી નં. ૩ કોટડીયા વિશ્વાબેન શૈલેષભાઈ નો જન્મ તા. ૦૧/૦૬/૨૦૦૧ નાં રોજ રાજુલા તાલુકાનાં ચારોડીયા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એસ. ડી. ધાખડા મારફત અત્રેની કોર્ટમા ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા વિલંબિત નોંધ રજીસ્ટરમા કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રી ની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામા આવશે. જેની નોંધ લેવી.

આજ રોજ તા. ૩૧ માહે ૦૭ સને ૨૦૨૬ ના રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૩૧/૦૭/૨૦૨૬

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

# લોકસભામાં વિપક્ષી હોબાળા વચ્ચે જન્મ અને મૃત્યુ નોંધણી સુધારા બિલ પસાર થયું

**સંસદીય બાબતોના મંત્રી કિરન રિજિજુએ વિપક્ષ દ્વારા ચર્ચામાં ભાગ ન લેવા બદલ નારાજગી વ્યક્ત કરી**



નવી દિલ્હી,તા.૩૧

સંસદના ચોમાસુ સત્રના ૧૦મા દિવસે વિપક્ષના ભારે હોબાળા વચ્ચે લોકસભાએ જન્મ અને મૃત્યુ નોંધણી (સુધારા) બિલ, ૨૦૨૬ ધ્વનિ મતથી પસાર કર્યું છે. વિપક્ષી સાંસદો વિદ્યાર્થીઓ પર થયેલી કથિત પોલીસ કાર્યવાહી મુદ્દે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની ગૃહમાં હાજરી અને ચર્ચાની માંગ સાથે વેલમાં આવી સૂત્રોચ્ચાર કરતા રહ્યા હતા.

નવા બિલમાં બે વર્ષથી વધુ વિલંબિત નોંધણી માટે પ્રથમ વર્ગના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટના આદેશને ફરજિયાત બનાવવામાં આવ્યો છે. સંસદીય બાબતોના મંત્રી કિરન રિજિજુએ વિપક્ષ દ્વારા ચર્ચામાં ભાગ ન લેવા બદલ નારાજગી વ્યક્ત કરી હતી.

આ ઉપરાંત, વિપક્ષ પેપર લીક અને વિરોધ પ્રદર્શનો મુદ્દે ગૃહમાં હંગામો ચાલુ રાખ્યો હતો. આ બિલ હવે મંજૂરી અર્થે રાજ્યસભામાં મોકલવામાં આવશે.

# આજે અમરેલીમાં 'હરિયાળી ક્રાંતિ' અંતર્ગત વૃક્ષારોપણ અને સન્માન સમારોહ યોજાશે

અમરેલી,તા.૩૧

આજે તારીખ ૦૧ને શનિવારના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યે અમરેલી ખાતે એસ.ટી. બસપોર્ટના મુખ્ય પ્રવેશદ્વાર ડિવાઈડર સામે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના "એક વૃક્ષ માં કે નામ" અભિયાનથી પ્રેરિત થઈને પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળી ગુજરાતના સંકલ્પ સાથે "હરિયાળી ક્રાંતિ" કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમનું આયોજન મહાદેવ રસ એન્ડ ફાસ્ટફૂડના સંચાલક મનીષભાઈ એમ. પંડ્યા તથા હરિઓમ પેંડાવાળાના સંચાલક અનિલભાઈ બાંભરોલીયા ગ્રુપ દ્વારા કરવામાં આવ્યું છે.



આ ત્રિવિધ કાર્યક્રમમાં અમરેલી બસ પોર્ટના મુખ્ય પ્રવેશદ્વાર પાસે આયુર્વેદિક ઔષધી અને ડેકોરેટીવ વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવશે. સાથે જ 'કેસરિયો વિજય ધ્વજ' લહેરાવવામાં આવશે અને મહાદેવ રસ એન્ડ ફાસ્ટફૂડના નૂતન સોપાન નિમિત્તે આમંત્રિત મહાનુભાવોનો સન્માન સમારોહ પણ યોજાશે. આ પ્રસંગે મુખ્ય ઉદ્ઘાટક તરીકે ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના મંત્રી કૌશિકભાઈ વેકરીયા હાજર રહેશે. ઉપરાંત મુખ્ય મહેમાન તરીકે અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા, અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, એ.પી.એમ.સી. અમરેલીના પૂર્વ ચેરમેન પી. પી. સોજીત્રા અને અમરેલી નગરપાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયા સહિત જિલ્લા તેમજ શહેર ભાજપના હોદ્દેદારો અને સામાજિક-ધાર્મિક સંસ્થાઓના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

# ગાઝિયાબાદમાં રૂ.૫,૦૦૦ કરોડનું કૌભાંડ મામલે બે કંપનીઓ અને ૧૦ લોકો સામે FIR દાખલ


ગાઝિયાબાદ,તા.૩૧

ગાઝિયાબાદના કવિનગર પોલીસ સ્ટેશનમાં 'વૈદિક આયુર્વેદિક' અને 'એક્સિસ ઈ-કોર્પોરેશન' નામની કંપનીઓ સામે રૂ.૫,૦૦૦ કરોડથી વધુના કૌભાંડ મામલે કેસ નોંધવામાં આવ્યો છે. એડવોકેટ મહેશ કુમાર વર્માની ફરિયાદના આધારે ફૈઝાન ખાન સહિત ૧૦ લોકો સામે કાર્યવાહી હાથ ધરાઈ છે. કંપનીઓએ રૂ.૯,૦૦૦ના રોકાણ સામે દર મહિને રૂ.૧,૧૦૦ વળતર અને કરિયાણા પર ડિસ્કાઉન્ટની લાલચ આપી રોકાણકારોનો વિશ્વાસ જીત્યો હતો. શરૂઆતમાં લાભ આપ્યા બાદ કંપનીઓ ઓનલાઈન સિસ્ટમ બંધ કરી કરોડો રૂપિયા ઉચાપત કરીને ગાયબ થઈ ગઈ હતી. મુખ્ય કાવતરાખોર ફૈઝાન ખાન દુબઈ ભાગી ગયો હોવાનો આરોપ છે. પોલીસે સબ-ઈન્સ્પેક્ટર હરિઓમના નેતૃત્વમાં સમગ્ર મામલાની કાનૂની તપાસ શરૂ કરી છે.

# કોમનવેલ્થ ગેમ્સઃ ભારતે જુડોમાં ૧૫ મિનિટમાં ૨ ગોલ્ડ જીતી ઈતિહાસ રચ્યો

ગ્લાસગો,તા.૩૧

ગ્લાસગો ખાતે રમાઈ રહેલી કોમનવેલ્થ ગેમ્સમાં ભારતે શાનદાર પ્રદર્શન કરતાં માત્ર ૧૫ મિનિટના ગાળામાં ૨ ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યા છે. સૌપ્રથમ જુડો ખેલાડી અસ્મિતા ડેએ વુમન્સ ૪૮ કિગ્રા કેટેગરીની ફાઈનલમાં કેનેડાની હેઈડી ક્વાચને હરાવીને દેશને પહેલો ગોલ્ડ અપાવ્યો હતો. ત્યારબાદ તરત જ મેન્સ ૬૦ કિગ્રા વર્ગમાં હર્ષ સિંહે ઓસ્ટ્રેલિયાના જોશુઆ કાટ્ઝને પરાજય આપી ભારતીય ઝોળીમાં બીજો ગોલ્ડ ઉમેર્યો હતો. આ વિજય સાથે ભારત કુલ ૧૯ મેડલ (૫ ગોલ્ડ, ૧૦ સિલ્વર અને ૪ બ્રોન્ઝ) મેળવીને મેડલ ટેલીમાં ૯મા ક્રમે પહોંચી ગયું છે.



બીજી તરફ, બોક્સિંગ ક્ષેત્રે પણ ભારતનો દબદબો જોવા મળ્યો છે. જાદુમણિ સિંહ, પ્રીતિ પવાર, જેસ્મિન લમ્બોરિયા, અરુંધતિ ચૌધરી અને અંકુશ પંઘાલે ફાઈનલમાં પ્રવેશ કરી ભારત માટે ઓછામાં ઓછા ૫ સિલ્વર કે ગોલ્ડ મેડલ પાક્કા કરી લીધા છે. આ ઉપરાંત, જેવલિન થ્રોની ફાઈનલમાં ભારતના નીરજ ચોપરા અને પાકિસ્તાનના ઓલિમ્પિક ચેમ્પિયન અરશદ નદીમ વચ્ચે રોમાંચક મુકાબલો રમાશે.

# સામાન્ય જનતા પાસે પેલેટ ગન અંગે સચોટ માહિતીનો અભાવ: દિલ્હી પોલીસ મહાસંઘ

નીવ દિલ્હી,તા.૩૧



દિલ્હી પોલીસ મહાસંઘની પત્રકાર પરિષદમાં ભૂતપૂર્વ અસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ (ACP) કે.પી. કુકરેતીએ જણાવ્યું કે સામાન્ય જનતામાં પેલેટ ગન અંગે ગેરસમજ અને સચોટ માહિતીનો અભાવ છે. તેમણે સ્પષ્ટ કર્યું કે ભીડ ઉગ્ર બની પથ્થરમારો અને તોડફોડ કરે ત્યારે કાયદો અને જાહેર સંપત્તિના રક્ષણ માટે પોલીસ પાસે આત્યંતિક પગલાં ભરવા સિવાય વિકલ્પ રહેતો નથી. આવા સમયે સ્થળ પર હાજર વરિષ્ઠ અધિકારીઓએ જ પરિસ્થિતિ મુજબ નિર્ણય લેવાનો હોય છે.

# દિલ્હીમાં હિંસક પ્રદર્શનથી પોલીસકર્મીઓ ઈજાગ્રસ્ત થતા પરિવારોએ ન્યાયની માંગ કરી

જંતર-મંતર,તા.૩૧

દિલ્હીના જંતર-મંતર ખાતે વિરોધ પ્રદર્શન દરમિયાન થયેલી હિંસામાં પાંચ આઈપીએસ અધિકારીઓ સહિત ૧૮૦ પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા. શુક્રવારે ઘાયલ પોલીસકર્મીઓના પરિવારોએ પ્રેસ કોન્ફરન્સ યોજી પોતાની વ્યથા વ્યક્ત કરી હતી અને હુમલાખોરો સામે કડક કાર્યવાહીની માંગ કરી હતી.





પરિજનોએ જણાવ્યું કે પ્રદર્શનમાં વિદ્યાર્થીઓ ઉપરાંત અસામાજિક તત્વો ઘૂસી ગયા હતા.

ટોળાએ બેરિકેડ્સ તોડીને સુરક્ષાકર્મીઓ પર પથ્થરો, ડંડા અને ચંપલોથી હિંસક હુમલો કર્યો હતો, જેમાં અનેક જવાનોના યુનિફોર્મ લોહીલુહાણ થઈ ગયા હતા.

ઘાયલ પોલીસકર્મીઓની પત્નીઓએ માંગ કરી છે કે દેશની સંસદમાં માત્ર પ્રદર્શનકારીઓ જ નહીં પરંતુ ફરજ પરના પોલીસકર્મીઓની સુરક્ષા અને તેમના હકનો મુદ્દો પણ ઉઠાવવો જોઈએ.

# અમરેલી ટી.પી અને એમ.ટી ગાંધી ગર્લ્સ હાઈસ્કૂલમાં ગુરુપૂર્ણિમાની ભવ્ય ઉજવણી

અમરેલી,તા.૩૧

ટી.પી. અને એમ.ટી. ગાંધી ગર્લ્સ હાઈસ્કૂલમાં ગુરુપૂર્ણિમાના પવિત્ર તહેવારની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. શાળાની વિદ્યાર્થીનીઓએ ગુરુજનો પ્રત્યે આદર અને શ્રદ્ધા વ્યક્ત કરી આજના દિવસનું મહત્વ વધાર્યું હતું.

વિદ્યાર્થીનીઓએ આચાર્ય તથા તમામ સ્ટાફગણને કુમકુમ તિલક કરી, ચોખા લગાવી અને શુભેચ્છા પાઠવી આશીર્વાદ લીધા હતા. આ પ્રસંગે શાળામાં વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા અને ગીત સ્પર્ધા જેવી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. બહેનોએ પોતાની ક્ષમતા અનુસાર ખૂબ જ ઉત્સાહપૂર્વક આ તમામ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો.



ગુરુજનોએ પણ ઉત્સાહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા માટે ઈનામો આપી તેમના જુસ્સાને બિરદાવ્યો હતો. આ પવિત્ર પ્રસંગે શાળાના નિયામક અરુણાબેન માલાણી, આચાર્યા હિનાબેન ગોહિલ તથા સમગ્ર સ્ટાફગણે વિદ્યાર્થીનીઓ દ્વારા આયોજિત શુભેચ્છાઓનો સ્વીકાર કર્યો હતો અને ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભકામનાઓ પાઠવી હતી.

# સંસદ બહાર પપ્પુ યાદવે સાધુના વેશમાં દાન એકત્ર કર્યું, રાહુલ ગાંધીએ દાન આપ્યું

નવી દિલ્હી,તા.૩૧

સંસદ પરિસરમાં રામ મંદિર માટેના દાનમાં કથિત ગેરરીતિઓ મુદ્દે વિપક્ષે અનોખો વિરોધ નોંધાવ્યો છે. પૂર્ણિયાના સાંસદ પપ્પુ યાદવ ભગવા વસ્ત્રો ધારણ કરી સંતના વેશમાં દાનપેટી લઈને સંસદ બહાર પહોંચ્યા હતા. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પણ આ દાનપેટીમાં દાન આપીને પ્રદર્શનમાં ભાગ લીધો હતો.



બીજી તરફ, ૨૦ જુલાઈના રોજ વિદ્યાર્થીઓ પર થયેલા કથિત દમન મુદ્દે ગૃહમંત્રી અમિત શાહના રાજીનામાની માંગ સાથે વિપક્ષી સાંસદોએ બેનરો દર્શાવી હોબાળો ચાલુ રાખ્યો હતો. પેપર લીક વિરોધી બિલ સંસદમાંથી પસાર થઈ ચૂક્યું છે.

# મુઝફ્ફરપુરમાં ડ્રગ્સના વ્યસની સગા પુત્રએ માતા પર ગુજાર્યો બળાત્કાર

બિહાર,તા.૩૧

બિહારના મુઝફ્ફરપુર જિલ્લાના સકરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સંબંધોને શર્મસાર કરતી ઘટના સામે આવી છે. નશાની લતમાં ધૂત મોટા પુત્ર સૂરજ કુમારે પોતાની જ માતાને છરી બતાવી, ગળું દબાવીને ઓરડામાં પૂરી દુષ્કર્મ આચર્યું હતું.

ઘટના સમયે પીડિતાના પતિ નોકરી પર હતા. પતિ ઘરે પરત ફરતાં પીડિતાએ આપવીતી જણાવી હતી. જે બાદ પરિવારે ગ્રામજનો અને પોલીસનો સંપર્ક કર્યો હતો.

ડીએસપી મનોજ કુમાર સિંહે જણાવ્યું કે પીડિતાની ફરિયાદના આધારે પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને આરોપી પુત્રની ધરપકડ કરી તેને ન્યાયિક કસ્ટડી હેઠળ જેલ ભેગો કર્યો છે અને આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

# અમરેલીમાં પોલીસ ચોકીમાં વાહન ચલાવવા રૂ.૩૦૦ની માસિક લાંચ લેવાનો વિડીયો વાયરલ

અમરેલી,તા.૩૧

અમરેલી જિલ્લામાં વાહન ચલાવવા માટે માસિક હપ્તો લેવામાં આવતો હોવાનો એક કથિત વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે.

વાયરલ વિડીયોમાં પોલીસ ચોકીની અંદર જ વાહન ચાલક અને કર્મચારી વચ્ચે વાર્તાલાપ થતો જોવા મળે છે. જેમાં વાહન ચાલક રૂ.૩૦૦ની લાંચ આપીને એક મહિના સુધી 'બે રોક ટોક' વાહન ચલાવવાની મંજૂરી મેળવતો અને નાણાં આપતો સ્પષ્ટ દ્રશ્યમાન થાય છે. પોલીસ મથકમાં ખુલ્લેઆમ ચાલી રહેલા આ વસૂલીના ખેલથી ખાખી વર્ધી શર્મસાર થઈ છે. સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી



રહ્યો છે અને જવાબદાર પોલીસ કર્મચારીઓ સામે તાત્કાલિક કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

# પાકિસ્તાનની કોલસા ખાણમાં વિસ્ફોટ થતા ૩૨ શ્રમિકોના મોત, ૧૦ ફસાયા હોવાની આશંકા

ક્વેટા,તા.૩૧

દક્ષિણ-પશ્ચિમ પાકિસ્તાનના બલુચિસ્તાન પ્રાંતની રાજધાની ક્વેટા નજીક કોલસાની ખાણમાં મિથેન ગેસ લીક થવાના કારણે ભીષણ વિસ્ફોટ થયો છે. આ દુર્ઘટનામાં ઓછામાં ઓછા ૩૨ ખાણકામદારોના મોત થયા છે, જ્યારે ૧૦થી વધુ લોકો હજુ પણ ભૂગર્ભમાં ફસાયેલા છે.

રેસ્ક્યૂ ટીમો દ્વારા બચાવ કામગીરી ચાલુ રાખવામાં આવી છે, પરંતુ ખાણની અંદર ઓક્સિજનનું સ્તર શૂન્ય થઈ જવાથી ફસાયેલા લોકો બચવાની સંભાવના ખૂબ ઓછી જોવા મળી રહી છે.

બલુચિસ્તાન સરકારે મૃતકોના પરિવારોને ૫ લાખ પાકિસ્તાની રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરી છે. બીજી તરફ, શ્રમિક સંગઠનોએ સુરક્ષા નિયમોની બેદરકારી બદલ જવાબદારો સામે કડક કાર્યવાહીની માંગ કરી છે.


**CHANGE OF NAME**

I Undersing I KAPADIYA SAKINABEN AMIRBHAI have changed my name from KAPADIA SAKINA KAIZARBHAI To KAPADIYA SAKINABEN AMIRBHAI (New) Now i will be known as KAPADIYA SAKINABEN AMIRBHAI (new)

Sing : KAPADIYA SAKINABEN AMIRBHAI

Address : JANJARIYA ROAD,NADI PARA, AT-BAGSARA,DIST-AMRELI-365440


# ICC વોરંટ પર નેતન્યાહૂની ચેતવણી: ધરપકડનો પ્રયાસ થશે તો ખાસ દળો તૈયાર

તહેરાન,તા.૩૧

ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ ચેતવણી આપી છે કે જો કોઈ વિદેશી સરકાર ICCના ધરપકડ વોરંટ હેઠળ તેમને અટકાયતમાં લેશે તો ઈઝરાયલના ખાસ દળો હસ્તક્ષેપ કરશે. ન્યૂ યોર્કના મેયર મમદાનીના વિવાદ બાદ તેમણે આ નિવેદન આપ્યું હતું, જેમાં ડોનાલ્ડ ટ્રમ્પે પણ તેમને સુરક્ષાની ખાતરી આપી છે.


**-::અસલ દસ્તાવેજ ખોવાયા અંગે ::-**

**-// જાહેર નોટીસ //-**

આથી લાગતા વળગતા તથા જાહેર જનતા તમામ ને જાણ કરવાની કે,અમરેલી જીલ્લાનાં સાવરકુંડલા તાલુકાનાં મોજે બગોયા ગામના ગામ નમુના નંબર ૮-અ ના ખાતા નં.૩૯૯ થી નોંધાયેલ નવો રે.સ.નં.૩૦૭ જુનો સ.નં.૩૦ પૈકી ૩ વાળી જુની શરત સત્તા પ્રકારની જરાયત ખેડવાણ જમીન કુલ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી હે.આરે.ચો.મી.૧-૦૨-૪૨, જેનો મહેસુલી કુલ આકાર રૂા. ૬.૫૫ પૈસા છે.તે મંધરા ઓસમાણભાઈ મુસાભાઈ ની સ્વતંત્ર માલિકી તથા કબજા ભોગવટાની ચાલી આવેલ છે.સદરહું મીલકતના ટાઈટલમાં આવતો નીચે મુજબનો અસલ દસ્તાવેજ ક્યાંક ખોવાઈ ગયેલ છે.જે ખુબ શોધખોળ કરવા છતા મળી આવેલ નથી.

(૧)રજી.વે.દ.૧૨૭૧/૧૯૯૭ તા.૧૭/૧૨/૧૯૯૭ થી કુરજીભાઈ પ્રાગજીભાઈ કુંભાર જોગ મુરીદભાઈ ઉમરભાઈ એ કરી આપેલ વેચાણ દસ્તાવેજ અસલ.તથા રજીસ્ટર ફીની પહોંચ અસલ.

સદરહું ઉપરોકત દર્શાવેલ અસલ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ આધારે કે અન્ય કોઈ રીતે સદરહું મિલકત ઉપર કોઈનું કાંઈપણ પ્રકારનું લેણું, કરજ, ગીરો કે જામીનગીરી હોય કે સદરહું મિલકત પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોઈ તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૭ (સાત) માં નીચે લખ્યા સરનામે અમોને લેખિત આધાર પુરાવા સહિત જણાવવું, મુદત વિત્યે સદરહું અસલ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કોઈ પાસે નથી કે કોઈને કોઈ પ્રકારે વાંધો, તકરાર નથી અને હોય તો તે જતાં (WAIVE) કરેલ છે તેમ માની લેશે.ત્યાર બાદ કોઈનો કોઈપણ પ્રકારનો હકક,દાવો, વાંધો, તકરાર મારા અસીલ ને બંધનકર્તા રહેશે નહી જેની સર્વે એ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ:સાવરકુંડલા

-::અમારા મારફત::- તારીખ:૩૧/૦૭/૨૦૨૬

ગોપાલભાઈ જે.વિરાણી
બી.એ.એલ.એલ.બી.(એડવોકેટ)
ઓફિસ નં.૧, ગણેશ કોમ્પલેક્ષ, મામલતદાર
કચેરી સામે, મહુવા રોડ,સાવરકુંડલા,
તા:સાવરકુંડલા,જી:અમરેલી
મો:૯૪૨૯૨૨૧૩૦૫

અમારી સુચનાથી :-
સહી,

# ધોળકામાં ૧૮ ઈંચ વરસાદથી ભારે તારાજી: ૬ લોકોના મોત, ૧૫૦થી વધુ મકાનો જમીનદોસ્ત

ધોળકા,તા.૩૧

અમદાવાદ જિલ્લાના ધોળકા પંથકમાં ખાબકેલા ૧૮ ઈંચ જેટલા ધોધમાર વરસાદને કારણે ભારે વિનાશ સર્જાયો છે. આ કુદરતી આફતમાં ડૂબી જવાથી ૬ લોકોના કરુણ મોત નીપજ્યા છે, જ્યારે ૧૫૦થી વધુ મકાનો ધરાશાયી થતાં સેંકડો લોકો બેઘર બન્યા છે.



સૌથી વધુ અસર ભેટાવાડા ગામમાં થઈ છે, જ્યાં ૫૦થી વધુ કાચા-પાકા મકાનો જમીનદોસ્ત થઈ ગયા છે. આ ઉપરાંત બદલખા, કેલીયા વાસણા, નેસડા અને ઉતેળીયા જેવા ગામોમાં પૂરના પાણી ફરી વળતા ઘરવખરી, અનાજ અને ખેતીના પાકને વ્યાપક નુકસાન પહોંચ્યું છે. પૂરના પાણી ઓસર્યા બાદ રોગચાળો અટકાવવા માટે આરોગ્ય વિભાગ દ્વારા ૬૫ ગામોમાં ઘરે-ઘરે સર્વે કામગીરી હાથ ધરવામાં આવી છે. પીવાના પાણીમાં ક્લોરીનેશન અને જંતુનાશક દવાનો છંટકાવ શરૂ કરાયો છે. તાલુકા વિકાસ અધિકારી મહિપતસિંહ ઝાલા અને તાલુકા હેલ્થ ઓફિસર રાકેશ મહેતાની દેખરેખ હેઠળ અસરગ્રસ્તોને રાહત સામગ્રી તથા તબીબી સહાય પહોંચાડાઈ રહી છે.

# અમરેલી જિલ્લામાં અડધાથી એક ઈંચ વરસાદ નોંધાયો, રાયડી ડેમનો એક દરવાજો ખોલાયો

અમરેલી,તા.૩૧

હવામાન વિભાગની આગાહી મુજબ વહેલી સવારથી જ ધાબડીયુ વાતાવરણ જોવા મળ્યુ હતુ. વહેલી સવારે અમરેલી સહિત વિવિધ તાલુકોમાં ઝરમર વરસાદ વરસ્યો હતો . જો કે બપોર સુધીમાં અમરેલી જિલ્લામાં અડધાથી એક ઈંચ વરસાદ નોંધાયો હતો. સતત વરસી રહેલા વરસાદને કારણે મગફળી,કપાસ,સોયાબીન



જેવા પાકને ફાયદો થયો છે. જો કે હવામાન વિભાગની આગાહી મુજબ હજુ પાંચ દિવસ સુધી વરસાદની શક્યતા વ્યકત કરવામાં આવી છે. જયારે ખાંભા તાલુકાના મોટા બારમણ ગામ પાસે આવેલી રાયડી સિંચાઈ યોજનાના જળાશયનો એક દરવાજો ૦.૦૭૫ મીટર (ત્રણ ઈંચ) ખોલવામાં આવ્યો છે. આ નિર્ણય જળાશયમાં નિર્ધારિત સપાટી જાળવવા માટે ૩૧ જુલાઈના રોજ સવારે ૧૧ કલાકે લેવાયો હતો. દરવાજો ખોલવામાં આવતા આશરે ૧૯૬ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. તંત્ર દ્વારા નીચાણવાળા વિસ્તારોના લોકોને નદીના પટમાં કે કાંઠાના વિસ્તારોમાં અવરજવર ન કરવા અને જરૂરી સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.

# જૂનાગઢમાં ઓડિશાથી પોસ્ટ મારફતે મોકલાયેલો ૫.૩૬ કિલો ગાંજો ઝડપાયો

જૂનાગઢ,તા.૩૧




જૂનાગઢ પોલીસે એક સપ્તાહમાં બીજી વખત ઓડિશાથી પાર્સલ દ્વારા મોકલવામાં આવેલો વનસ્પતિજન્ય ગાંજો જપ્ત કર્યો છે. દોલતપરા પોસ્ટ ઓફિસમાંથી ૫.૩૬૦ કિલો ગાંજો કબજે કરાયો છે.

અગાઉ ભવનાથ પોસ્ટ ઓફિસમાંથી ૪.૨૩૯ કિલો ગાંજો પકડાયો હતો. પોલીસે અત્યાર સુધીમાં રૂ. ૪.૭૯ લાખથી વધુ કિંમતનો કુલ ૯.૫૯૯ કિલો ગાંજો જપ્ત કરી બે આરોપીઓની અટકાયત કરી છે, જ્યારે ઓડિશા અને જૂનાગઢના અન્ય ત્રણ ફરાર આરોપીઓની શોધોખોળ હાથ ધરી છે.

# નવસારી જિલ્લામાં જીવંત વીજતારના કરંટથી ૩ શ્રમિકોના મોત, ત્રણ ઘાયલ

નવસારી,તા.૩૧

નવસારી જિલ્લાના ગણદેવા ગામમાં શુક્રવારે એક ગંભીર દુર્ઘટના સર્જાઈ હતી. લાકડા કાપવાના કામ માટે જઈ રહેલા શ્રમિકો ભરેલો ટેમ્પો રસ્તા પરથી નીચાણે પસાર થતા જીવંત વીજતારના સંપર્કમાં આવતા ૯ શ્રમિકોને વિજળીનો કરંટ લાગ્યો હતો. આ આઘાતજનક ઘટનામાં કરંટ લાગવાથી ત્રણ



શ્રમિકોના ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યા હતા. જ્યારે ત્રણ શ્રમિકો ગંભીર રીતે ઘાયલ થતાં તેમને ત્વરિત સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા અને અન્ય ત્રણ શ્રમિકોનો ચમત્કારિક બચાવ થયો હતો. ઘટનાની જાણ થતાં જ રાજ્યના મંત્રી નરેશ પટેલે હોસ્પિટલ પહોંચી ઈજાગ્રસ્તોના ખબર-અંતર પૂછ્યા હતા અને મૃતકોના પરિવારોને સાંત્વના પાઠવી હતી. તેમણે વહીવટી અધિકારીઓને ઘટના અંગે જરૂરી કાર્યવાહી કરવા આદેશ આપ્યા છે. સ્થાનિક તંત્ર દ્વારા સમગ્ર બનાવ અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

# સુરતમાં કીર્તિ પટેલ સામે લેન્ડ ગ્રેબિંગનો ગુનો નોંધાયો

સુરત,તા.૩૧

સુરતમાં સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર કીર્તિ પટેલ સામે વધુ એક કાનૂની કાર્યવાહી થઈ છે. ડુંભાલ વિસ્તારમાં આવેલી કુશલ દર્શન વાટિકામાં ભાડે રાખેલા ફ્લેટનું ભાડું ન ચૂકવી ફ્લેટ પચાવી પાડ્યાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. વૃધ્ધ મકાનમાલિકે ફ્લેટ ખાલી કરાવવા જતાં કીર્તિ પટેલે જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ



છે. ઘટનાથી ગભરાયેલા પરિવારે પુણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે કીર્તિ પટેલ સામે લેન્ડ ગ્રેબિંગ હેઠળ ગુનો દાખલ કર્યો છે. સમગ્ર મામલાની તપાસ ACP કક્ષાના અધિકારીને સોંપવામાં આવી છે.

# વંદે ભારત ટ્રેન મારફતે સુરતથી લાઈવ હાર્ટને અમદાવાદ પહોંચાડાયુ

અમદાવાદ,તા.૩૧

ભારતીય રેલવેએ આરોગ્ય સેવાઓના ક્ષેત્રમાં પ્રથમ વખત વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન મારફતે જીવંત હૃદય એટલે કે 'લાઈવ હાર્ટ'નું સફળતાપૂર્વક પરિવહન કર્યું છે. સુરતથી અમદાવાદ સુધી સમયસર લાઈવ હાર્ટ પહોંચાડીને એક દર્દીને નવજીવન આપવાના પ્રયાસને સફળ બનાવવામાં આવ્યો છે. સુરતથી



અમદાવાદ સુધી ટ્રેન નંબર ૨૦૯૦૧ મુંબઈ સેન્ટ્રલ-ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસ મારફતે લાઈવ હાર્ટ સુરક્ષિત રીતે પહોંચાડવામાં આવ્યું. આ હૃદયને અમદાવાદની યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરમાં હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ માટે લઈ આ સમગ્ર ઓપરેશનમાં ભારતીય રેલવે, ગુજરાત પોલીસ, આરપીએફ અને તબીબોની ટીમ વચ્ચે ઉત્તમ સંકલન જોવા મળ્યું. અમદાવાદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-૧થી લઈને યુ.એન. મહેતા હોસ્પિટલ સુધી ગ્રીન કોરિડોર તૈયાર કરવામાં આવ્યો હતો, જેના કારણે લાઈવ હાર્ટને કોઈપણ વિલંબ વિના નિર્ધારિત સમયમાં હોસ્પિટલ સુધી પહોંચાડી શકાયું.

# ભેદવાડ ખાડી ઓવરફ્લો થતાં સુરત જળબંબાકાર બનતા BRTS સેવા, કાપડ માર્કેટ અને કારખાના બંધ

સુરત,તા.૩૧

સુરત શહેરમાં ધોધમાર વરસાદને કારણે ભેદવાડ ખાડી ઓવરફ્લો થતાં અનેક રહેણાંક વિસ્તારોમાં પૂરના પાણી ઘૂસી ગયા છે. વીઆઈપી રોડ, પાંડેસરા, કતારગામ અને ડભોલી જેવા નીચાણવાળા વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાતા જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત



બન્યું છે.

પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા જિલ્લાના તમામ કારખાના અને કાપડ માર્કેટો આગામી બે દિવસ માટે બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. શહેરની BRTS બસ સેવા પણ સ્થગિત કરી દેવામાં આવી છે. સ્થાનિક તંત્ર, NDRF અને SDRF સાથે રાહત કામગીરી વહેલી તકે વધારવા વડોદરાથી આર્મીની ટીમ પણ તૈનાત કરવામાં આવી છે. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાએ પરિસ્થિતિની સમીક્ષા કરી તમામ સરકારી અધિકારીઓની રજાઓ રદ કરી છે.

# આનંદ યાજ્ઞિકના એફિડેવિટ બાદ DySP નીલમ ગોસ્વામી સામે તપાસ કરવા હાઈકોર્ટનો આદેશ

અમદાવાદ,તા.૩૧

અમદાવાદ ગ્રામ્ય પોલીસના DySP નીલમ ગોસ્વામી સામેના કસ્ટોડિયલ ટોર્ચર કેસમાં નવો વળાંક આવ્યો છે. અરજદારોના પૂર્વ વકીલ આનંદ યાજ્ઞિકે હાઈકોર્ટમાં એફિડેવિટ દાખલ કરીને ગંભીર આરોપ લગાવ્યો છે કે તેમને કેસમાંથી હટી જવા માટે લોક કલાકાર દેવાયત ખવડ મારફતે દબાણ કરવામાં આવ્યું હતું.



આ ગંભીર આક્ષેપોની નોંધ લઈને ગુજરાત હાઈકોર્ટે અમદાવાદ ગ્રામ્ય પોલીસ અધિક્ષક (SP)ને સમગ્ર મામલે તટસ્થ તપાસ કરી આગામી સુનાવણી પહેલા રિપોર્ટ રજૂ કરવા આદેશ આપ્યો છે. આ કેસ સાણંદના ખોરજ ગામના પાંચ રહીશોની પોલીસ કસ્ટડી દરમિયાન થયેલી કથિત મારપીટ સાથે જોડાયેલો છે. ત્યારબાદ અરજદારોએ વકીલ બદલીને અરજી પાછી ખેંચવા માંગ કરી હતી. હાઈકોર્ટે હાલ કોઈ આખરી ચુકાદો આપ્યો નથી અને SPના અહેવાલ બાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે.

# અમરેલી જિલ્લાની તમામ શાળાઓમાં આજે રજા જાહેર

અમરેલી,તા.૩૧

અમરેલી જિલ્લાના તમામ તાલુકાઓ અને વિસ્તારોમાં થઈ રહેલા ભારે વરસાદને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. તા. ૦૧/૦૮/૨૦૨૬ ના રોજ વિદ્યાર્થીઓની સુરક્ષા અને સલામતી અર્થે અમરેલી જિલ્લાની તમામ સરકારી, ગ્રાન્ટેડ તથા ખાનગી બાલવાટિકા અને પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક કાર્ય બંધ રાખવાનો આદેશ જિલ્લા કલેકટર દ્વારા આપવામાં આવ્યો છે. આ અંગે જિલ્લા શિક્ષણ અધિકારીને તમામ શાળાના આચાર્યોને વાલીઓ અને વિદ્યાર્થીઓ સુધી રજા અંગેની માહિતી સમયસર પહોંચાડવા જણાવાયું છે. સાથે જ તમામ શિક્ષકોને હેડક્વાર્ટર ખાતે હાજર રહી સ્થાનિક વહીવટી તંત્રની સૂચનાઓનું પાલન કરવા નિર્દેશ આપવામાં આવ્યો છે.

# મહેસાણા જિલ્લામાં ૪ મહિનામાં ૧૩૧ સગીરાઓ ગર્ભવતી નોંધાતા ખળભળાટ

**ઘટના પાછળ મોટા પાયે થયેલા બાળ લગ્ન અથવા દુષ્કર્મના કિસ્સા જવાબદાર હોવાની શક્યતા**

મહેસાણા,તા.૩૧

મહેસાણા જિલ્લા આરોગ્ય વિભાગના એપ્રિલ ૨૦૨૬થી જુલાઈ ૨૦૨૬ સુધીના આંકડા મુજબ ૧૮ વર્ષથી નાની વયની ૧૩૧ સગીરાઓ ગર્ભવતી નોંધાઈ હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. આરોગ્ય વિભાગની મહિલા કર્મચારીઓ દ્વારા આધારકાર્ડના આધારે આ નોંધણી ટેકો પોર્ટલ પર કરવામાં આવી છે.

આ ઘટના પાછળ મોટા પાયે થયેલા બાળ લગ્ન અથવા દુષ્કર્મના કિસ્સા જવાબદાર હોવાની શક્યતા સેવાઈ રહી છે. તમામ સગીરાઓને જરૂરી તબીબી સારવાર આપવામાં આવી રહી છે.


મદદનીશ જિલ્લા આરોગ્ય અધિકારી પ્રવીણ પટેલે જણાવ્યા મુજબ, સગીરાઓ બાળ લગ્નનો શિકાર બની છે કે અન્ય કોઈ કારણોસર ગર્ભવતી થઈ છે તેની તપાસ ચાલી રહી છે. આગળની જરૂરી કાર્યવાહી અર્થે આ મામલો સમાજ કલ્યાણ વિભાગને સોંપવામાં આવ્યો છે.




# અમદાવાદમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ, અનેક વિસ્તારોમાં પાણી ભરાયા

અમદાવાદ,તા.૩૧

અમદાવાદ શહેરમાં બપોરે હવામાનમાં પલટો આવ્યા બાદ કાળા ડિબાંગ વાદળો અને ભારે પવન સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. વરસાદના કારણે શહેરના ગુજરાત હાઈકોર્ટ, પાલડી, ગોતા, વાડજ, ચાંદલોડિયા, આશ્રમ રોડ તેમજ પૂર્વ પટ્ટાના નરોડા, બાપુનગર, કૃષ્ણનગર અને શાહીબાગ સહિતના વિસ્તારોમાં રોડ પર



પાણી ભરાઈ ગયા હતા.

વરસાદી પાણી ભરાવાને કારણે સુરક્ષાના ભાગરૂપે ટ્રાફિક પોલીસે શાહીબાગ અંડરબ્રિજનો દિલ્હી દરવાજાથી એરપોર્ટ તરફ જતો એક માર્ગ વાહનચાલકો માટે બંધ કર્યો હતો. વાહનચાલકોને વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવો પડ્યો હતો.

